"અલ્લાહ તઆલાએ વેપાર હલાલ કર્યો
અને વ્યાજને હરામ કર્યું" (કુર્આન)

# વેપારનું મહત્વ
# અને
# તેના નિયમો

Anjumane Raza-E-Mustafa-Dayadara
C/o Faizan-E-Raza Manzil
At & Po. : Dayadara,
Pin : 392020
Ta. & Dist : Bharuch
PH (02642) 210411, 280011,
Mobile No 09427464411
GRWB/059/BHARUCH/02


**પ્રકાશક**

**અંજુમને રઝાએ મુસ્તફા-દયાદરા**

મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦
ફોન. : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

# વેપારનું મહત્વ
## અને તેના નિયમો


લેખક

મૌલાના ઈલ્યાસખાન નૂરી (રતનપૂર)

અનુવાદક

મૌલાના મુહમ્મદ રઉફ રઝવી (પાલેજ)



પ્રકાશક

અંજુમને રઝાએ મુસ્તફા-દયાદરા

GRWB/059/Bharuch/02 C/o. ફયૂઝાને રઝા મંઝિલ,
મુ.પો. દયાદરા-૩૯૨૦૨૦, તા. જિ. ભરૂચ,
ફોન : (૦૨૬૪૨) (ઓફિસ) ૨૮૦૦૧૧,
મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧, Web. barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com

પ્રકાશન નં.: ૨૦૫ આવૃત્તિ-૨ પ્રત: ૫૦૦૦
૧ જમાદિઉલ આખર હિ.સ. ૧૪૩૫ એપ્રિલ-૨૦૧૩

નૂરાની આર્ટ-દયાદરા, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

(પ્રકરણ : ૨) 44
....**મજૂરી, મહેનત અને અડગતા** 44
....સૌથી મોટો મુજાહિદ 47
....મજૂરોના મસીહા 48
....આજના કહેવાતા લીડરો 49
....હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہ 50
....હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ 51
....તિજારત (વેપાર) અને ઓલમા 52
....સૌથી મોટો આબિદ 55
....દુ:ખી લોકોના દુ:ખનો સાથી 57
....ઈસ્લામમાં ભીખ માંગવાની સખત મનાઈ 59
....હઝરત ઉમર رضی اللہ عنہ અને એક ભીખારી 60
....જાનવર પણ નકામુ 61
(પ્રકરણ : ૩) 63
....**તવક્કુલ (અલ્લાહ પર ભરોસો)** 63
....તક઼દીર અને તવક્કુલ 63
....તવક્કુલનો સહી અર્થ અને મતલબ 64
....તદબીર કરીને અને તવક્કુલ કરો 66
....અપંગ શિયાળ 68
....હઝરત શફીક઼ બલ્ખી رحمۃ اللہ علیہ અને તવક્કુલ 69
....દાણા દાણા પર નામ 71

## લેખકના બે બોલ.....

આ મુર્શિદની દુઆઓનો ફયઝાન છે અને મારા આક઼ા વ મૌલા ﷺનો અમાપ નિગાહે કરમ છે કે આ નાચીઝ ગુનેહગાર મુહમ્મદ ઈલ્યાસખાન નૂરી પોતાની તૂટી ફૂટી તેહરીર (લખાણ)ને આપના સુધી પહોંચાડી રહ્યો છે, નહીં તો ક્યાં મારા જેવો કમઈલ્મ અને ક્યાં લેખન કાર્યનું કામ ! સાચુ તો એ છે કે તસ્નીફો તાલીફ (લેખન–પ્રકાશન) એ મહાન હસ્તીઓનો હક્ક઼ છે જે ઈલ્મ તથા અમલથી સજ્જ છે, હું તો બિલ્કુલ તુચ્છ છું અને તુચ્છથીય તુચ્છ છું, તો એવા કમતરથી શું થઈ શકે ?!

સમાજ સુધારણા પર મેં જે આ કિતાબ લખી છે એ તો કેવળ એ રિવાયતો તથા અનુવાદોના નકલકાર તરીકે જ છે, એથી વધુ કાંઈ નથી ! મારા માટે કેવળ એટલુ જ પૂરતું છે કે અલ્લાહની તૌફીક઼થી હું આ કિતાબ આપણા વાંચકો સમક્ષ રજૂ કરી રહ્યો છું. હું પણ માનવી છું, કોઈ ફરિશ્તો નથી કે મારાથી કોઈ ગલતી કે ભૂલચૂક ન થાય ! માનવ માત્ર ભૂલને પાત્ર ! જેથી માનવ હોવાને નાતે કોઈ આ કિતાબમાં જો મારાથી કોઈ ભૂલને થઈ હોય તો મને વહેલી તકે જાણ કરશો જેથી એને સુધારી શકું. અને આ ગુનેહગારને પોતાની દુઆઓમાં યાદ રાખશો કે આપની દુઆ જ મારા માટે જીવન મૂડી છે.

જો તમો મારી આ કિતાબને સમજીને વાંચશો તો મને ઉમ્મીદ છે કે આપની સુસ્તી દૂર થઈ જશે અને આપ મંઝિલની પ્રતિ દોડતા થઈ જશો. અંતમાં આ નાચીઝ દુઆ કરે છે કે હે અમારા રબ ! અમારા આ લખાણને વાંચનારના માટે હિદાયતની શમ્અ બનાવ, મારા તથા મારાં માબાપ, મારા ઉસ્તાદો, મારાં બીવી બચ્ચાં અને મારા સર્વ મિત્રો, દોસ્તો, સંબંધીઓની મગફેરત ફર્માવીને કાલે ક઼યામતના દિવસે તારા પ્યારા મહબૂબેપાક ﷺની શફાઅત નસીબ ફર્માવ.

**મોહતાજે દુઆ : –મુહમ્મદ ઈલ્યાસખાન નૂરી**

## બરકાતે ખ્વાજા (માસિક)ના ગ્રાહક બનો !

**ઈલ્મે શરીઅત**ની રોશનીથી અંધકારમય દિલોને ઝગમગાવવા માટે, દીન તથા સુન્નિયતની મહોબ્બતનો ચિરાગ દિલોમાં રોશન કરવા માટે, ઈશ્કે મુસ્તફા ﷺ ની મીઠાશથી દિલોની દુનિયાને તરબતર કરી પ્યારા મુસ્તફા ﷺ ની દીવાનગીમાં તડપાવવા માટે, મઝહબે હક્ક **અહલે સુન્નત વ જમાઅત** યા'ને **મસ્લકે આ'લા હઝરત**નો ડંકો બજાવવા માટે **"બરકાતે ખ્વાજા"** માસિક આપની સેવામાં હાજર છે.

★ **"બરકાતે ખ્વાજા"** માસિકના **ગ્રાહક બનો** તથા **બનાવો**.

★ **"બરકાતે ખ્વાજા"** માસિકના **આજીવન ગ્રાહક** કે **પેટ્રન** બની બનાવીને સહકાર કરશો.

★ **કરન્ટ ઈસ્યૂ** પર તેમજ **દીની મસાઈલ** પર સચોટ હવાલાવાળા લેખો મોકલીને સહકાર કરશો.

### ★ લવાજમ ★

| | | | |
|---|---|---|---|
| ★ વાર્ષિક લવાજમ | રૂા. ૧૫૦ | ★ વિદેશ માટે | £ 15 |
| ★ આજીવન | રૂા. ૪૦૦૦ | ★ પેટ્રન ફી | રૂા. ૧૮૦૦ |
| ★ વિદેશ માટે આજીવન | £ 250 | ★ વિદેશ માટે પેટ્રન | £ 150 |

### ★ સંપર્ક સરનામુ ★

**બરકાતે ખ્વાજા (માસિક)**, C/o. ઈસ્લામિક વેલ્ફેર મિશન,
ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. ભરૂચ.
પિન : ૩૯૨૦૨૦. ગુજરાત (ઈન્ડિયા)
ફોન : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

نَحْمَدُهٗ وَ نُصَلِّی عَلٰی رَسُوْلِهِ الْکَرِیْمِ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَیْكَ یَارَسُوْلَ اللّٰهِ اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَیْكَ یَا نَبِیَّ اللّٰهِ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَیْكَ یَاحَبِیْبَ اللّٰهِ اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَیْكَ یَا نُوْرَ اللّٰهِ

صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْكَ وَسَلَّمَ

....પ્રકરણ : ૧

# વેપારનું મહત્વ તથા નિયમો

કુર્આને પાકમાં અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે: وَاَحَلَّ اللّٰهُ الْبَیْعَ وَحَرَّمَ الرِّبٰوا "અલ્લાહ તઆલાએ વેપાર હલાલ કર્યો અને વ્યાજને હરામ કર્યું." તેમજ ફર્માવ્યું اِنَّ الدِّیْنَ عِنْدَ اللّٰهِ الْاِسْلَام "ઈસ્લામ જ એ પવિત્ર ધર્મ છે જે અલ્લાહ તઆલાએ ઈન્સાનો માટે પસંદ ફર્માવ્યો." અને ઈસ્લામ જ એ ધર્મ છે જે સંપૂર્ણતઃ માનવ પ્રકૃતિના મુજબ છે, અને જેમાં સર્વ ઈન્સાની જરૂરતોની પૂર્ણાહૂતિ માટેની સંપૂર્ણ સામગ્રી મૌજૂદ છે. હઝરત આદમ علیہ السلامથી લઈને તમામ અંબિયાએ કિરામ આજ દીનના પ્રચાર પ્રસાર માટે આવ્યા અને ખાતિમુલ અંબિયા صلی اللہ علیہ وسلم પર અલ્લાહ તઆલાએ આ દીન સંપૂર્ણ ફર્માવી દીધો.

દુનિયામાં ઈસ્લામના આગમનનો એકમાત્ર હેતુ એ જ છે કે લોકો કુફ્ર અને શિર્કની ગુમરાહીથી બચે તથા સંસ્કાર અને ઈન્સાનિયતનું

બંધારણ સ્થાપિત થાય, દુનિયામાં અમ્ન તથા શાંતિનું વાતાવરણ સ્થાપિત રહે, બુરાઈઓનો નાશ થાય અને ઈન્સાન પોતાના રહીમો કરીમ પરવરદિગારના આદેશ અનુસાર જીવન વીતાવે. ઈસ્લામે જન્મથી મૃત્યુ સુધીની સર્વ બાબતોનું વિગતવાર સરળ તથા સંપૂર્ણ રીતે માર્ગદર્શન આપ્યું છે. આર્થિક, સામાજિક, સંસ્કારિક, રાજનૈતિક સારાંશ કે જીવનનું કોઈ પાસુ એવું નથી જ્યાં ઈસ્લામે ઈન્સાનોની રહનુમાઈ ન કરી હોય.

નબીએ કરીમ ﷺએ ફર્માવ્યું : મોહતાજી, મુફલિસી અને ઝિલ્લતો ખ્વારી (બેઈજ્જતી)થી અલ્લાહની પનાહ માંગો, કારણ કે જે રીતે માલ દૌલતની અધિક્તા મનુષ્યમાં ધૃણાત્મક વિચારો અને કુટેવોને જન્મ આપે છે એ જ રીતે મોહતાજી તથા મુફલિસી પણ ઘણી બધી બુરાઈઓનો રસ્તો દેખાડે છે. ઈસ્લામ કોઈ એક વ્યક્તિને પણ ગરીબીની હાલતમાં જોવા નથી ઈચ્છતો એટલા માટે મુસલમાનોને ગરીબી, મુફલિસી તથા મોહતાજીથી બચાવવા જાઈઝ કારોબાર અને હલાલ વ્યાપારનો હુકમ આપે છે અને મહેનત તથા પરિશ્રમ કરવાથી દૂર ભાગનારાઓને નાપસંદ કરે છે. અને જે કામધંધો તથા મહેનત કરવાથી દૂર ભાગે છે તે મોહતાજી તથા મુફલિસીની જાળમાં સપડાય છે. ગરીબી તથા મોહતાજીથી બચવાનો ઉપાય કરજ નથી બલ્કે મહેનત છે અને મહેનતમાં બરકત જ બરકત છે.

## ★ હરામ કમાઈથી બચો ★

જેવી રીતે ઈસ્લામે દૌલત કમાવાના જાઈઝ તરીકા શીખવાડયા છે તેવી જ રીતે નાજાઈઝ અને હરામ તરીકાઓની પણ સ્પષ્ટતા અને નિર્દેશ કરી દીધો છે. ફર્માને નબવી છે, "જે વ્યક્તિ હરામ અને નાપાક કમાઈ પોતાના ખાવા પીવા, પહેરવા, ઓઢવા તથા બિછાવવામાં ઉપયોગ કરશે તેની ન નમાઝ કબૂલ થશે ન દુઆ કબૂલ થશે અને ન

તો હજ્જ કબૂલ થશે. જો એ પોતાની નાપાક અને હરામ કમાઈથી સદકા ખૈરાત કરે અથવા કોઈ નેક કાર્ય કરે તો પણ તે અલ્લાહને ત્યાં સ્વીકારપાત્ર નહીં થાય, અને તેને આખેરતમાં અલ્લાહ ﷻની સર્વ રહમતોથી વંચિત કરી દેવામાં આવશે."

આ હદીષ શરીફની રોશનીમાં એ માલદારો જરા વિચારે જેઓ નાજાઈઝ રીતે પ્રાપ્ત કરેલ માલ દૌલત દ્વારા સખાવત કરે છે, અલ્લાહના ઘરના હજ્જ માટે સફર કરે છે, યકીન જાણો ! આ પ્રમાણે તેઓ હજ્જ અને સખાવત કરીને દુનિયામાં સખી અને હાજીસાહબના નામથી જરૂર મશ્હૂર થશે પરંતુ શું ખુદાને ત્યાં એમના ગુનાહ પણ માફ થશે ? શું આવી હજ્જ એમના માટે નજાત અને બખ્શિશનો ઝરીયો બનશે ? શું એમની હજ્જ અને સખાવત કબૂલ થશે ? યાદ રાખો ! નાજાઈઝ કમાઈનો એક રૂપિયો પણ હજ્જમાં ખર્ચ કરવામાં આવે તો આવી હજ્જ કદાપિ કબૂલ થશે નહીં, ન આવી વ્યક્તિના ગુનાહો માફ થઈ શકે છે, ન હરામ માલથી કરેલી સખાવત પર એને અજ્ર આપવામાં આવશે. હજ્જ માટે પાક અને હલાલ કમાઈના પૈસા જરૂરી છે. હરામ ખાનારની તથા હરામ માલ ખર્ચ કરી કરવામાં આવેલી કોઈ પણ ઈબાદત ગુનાહોની બખ્શિશનો ઝરીયો નથી બની શકતી. નબીએ કરીમ ﷺએ ફર્માવ્યું, કોઈ વ્યક્તિ દસ દિરહમમાં એક કાપડ ખરીદે અને એ દસ દિરહમમાં એક દિરહમ હરામ કમાઈનો હોય તો જ્યાં સુધી એ કાપડ શરીર પર રહેશે તેની કોઈ નમાઝ અલ્લાહ ﷻને ત્યાં કબૂલ નહીં થાય, અને જે શરીરનું પોષણ હરામ માલથી થયું હોય તે હરગિઝ હરગિઝ જન્નતમાં પ્રવેશશે નહીં.

કહો ! એ કેવો મુસલમાન હશે જે હુઝૂર ﷺના ફર્માન વિરૂદ્ધ વર્તીને હરામ નાજાઈઝ તરીકાઓથી કમાશે ! જો કોઈ આવું કરે છે તો એ ન કેવળ ગુનેહગાર થશે બલ્કે ઈસ્લામી કાનૂનની તૌહીન કરનાર

પણ ઠરશે, પછી એ કયા મોઢે પોતાને મુસલમાન તથા નબી પાક ﷺને ચાહવાવાળો કહી શકે છે.

અફસોસ ! હવે લોકો નાજાઈઝ અને હરામ કમાઈ પર ગર્વ કરવા લાગ્યા છે. વ્યાજ, રિશ્વત, છેતરપીંડી થકી થતી કમાઈને માના દૂધની જેમ હલાલ સમજી એ રીતે પચાવી પાડે છે કે ઓડકાર પણ નથી આવતો !

પ્યારા દીની ભાઈઓ ! બહેનો ! જો આપણે મુસલમાન છીએ અને આપણા દિલમાં ઈમાનની શમ્અ રોશન છે તો હુઝૂર ﷺના આ સર્વ કથનો સાંભળી લીધા પછી આપણે ચુસ્તપણે નિશ્ચિત કરી લેવું જોઈએ કે ભલે આપણને દુનિયામાં કેટલી પણ તંગદસ્તીનો સામનો કરવો પડે આપણે કદાપિ નાજાઈઝ, હરામ, ધોકા, પ્રપંચ, રિશ્વત અને વ્યાજથી પ્રાપ્ત કરેલી દૌલત તરફ નજર ઉઠાવીશું નહીં.

એ વાત ખૂબ સારી રીતે સમજી લો કે ઈસ્લામે સ્પષ્ટ શબ્દોમાં બતાવી દીધું કે માલો દૌલત બુરી વસ્તુ નથી બલ્કે ખોટી રીતે એને પ્રાપ્ત કરવું એને બુરી અને હરામ બનાવી દે છે. આવો ! આપણે જોઈએ કે બુઝુર્ગાને દીન કઈ રીતે હરામથી બચતા હતા ?!

સામે ઝવેરાતનો ઢગલો પડયો હતો, નગીનાવાળા સેમ્પલ, કાનના બુટ્ટાઓ, ગળાના હાર, સોનાના લોકેટ, ન જાણે સામે શું શું પડયું હતું. જો તેની કિંમત લગાડવામાં આવતી તો વાત હજારો સુધી નહીં બલ્કે લાખો સુધી પહોંચતી. એમાં કેવળ કિંમતી ઘરેણા જ ન હતાં, બલ્કે દુર્લભ ચીજો પણ હતી. આટલી બધી કિંમતી ચીજો અલ્લાહ ﷻના એક નેક બંદા સમક્ષ રાખવામાં આવી હતી, જે લોકોએ રાખી હતી એમની મનેચ્છા એ હતી કે ઝવેરાત અને કિંમતી વસ્તુઓને લાંચ રૂપે સ્વીકારી લેવામાં આવે, એ પણ અલ્લાહના એક મક્બૂલ બંદા અને રસૂલુલ્લાહ ﷺના એક જલીલુલ ક઼દ્ર સહાબી હઝરત અબ્દુલ્લાહ

બિન રવાહા رضی اللہ عنہ સમક્ષ ! જેમને રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ઈસ્લામી હુકૂમતનો ટેક્ષ વસૂલ કરવા માટે ખૈબરના યહૂદીઓ પાસે મોકલ્યા હતા. યહૂદી કૌમ લાંચ લેવા દેવામાં ઘણી માહિર હતી. અને સાચુ પૂછો તો માપતોલમાં કમી, ચોર બજારી, વ્યાજ અને લાંચ, રિશ્વતનું મૂળ નાખનાર આ યહૂદીઓ જ છે. હઝરત અબ્દુલ્લાહ બિન રવાહા رضی اللہ عنہ ને ઈસ્લામી હુકૂમત તરફથી ઈન્કમ ટેક્ષ ઓફિસર બનાવી મોકલવામાં આવ્યા હતા. ખૈબરના યહૂદીઓ આપને કહી રહ્યા હતા કે લાંચ લઈ અમારો ટેક્ષ અડધો કરી દો, આમાં તમારું કાંઈ નુકસાન નથી !

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને રવાહા رضی اللہ عنہ એ કડકાઈ સાથે એમની આ રજૂઆતને ઠુકરાવી દીધી અને પોતાના અમલથી સાબિત કરી દીધું કે અલ્લાહ عزوجل ના કાનૂનને બદલવું તથા લાંચ લઈ અલ્લાહ جل جلالہ ના હુકમને તોડવું એ અલ્લાહ તઆલા સાથે ઉઘાડી બગાવત છે. દરેક મુસલમાને શરીઅતના હુકમોનું સન્માન કરવું જોઈએ અને એવા મજબૂત અમલ તથા ચરિત્રવાળા બનવું જોઈએ કે દુનિયાની કોઈ પણ તાકાત અને ચમક દમક તેના ઈમાનને હચમચાવી ન શકે.

આમ તો દુનિયામાં હરામ કમાઈના વિવિધ તરીકા છે પરંતુ ઈસ્લામી દ્રષ્ટિએ સૌથી અધિક ભયાનક હરામ ખાનાર એ છે જે લાંચ લે છે અને જેનાથી ઈન્સાની શરાફત બર્બાદ થઈ ગઈ છે, જેણે સમગ્ર દેશને દુનિયામાં બદનામ કરી દીધો છે. આજે આપણા દેશમાં રિશ્વતખોરીની વબાના કારણે બેગુનાહ લોકો મુજરિમ અને કાતિલ પુરવાર થાય છે અને માલદાર તથા કહેવાતા લીડરો, રાજકરણીઓ લાંચ તથા રિશ્વતના બળ પર બેગુનાહ અને પવિત્ર સાબિત થઈ જાય છે. તેમના પર હાથ નાખવાની કોઈની હિંમત નથી થતી. કાતિલ અને મુજરિમ નાણાના જોર પર સોસાયટી, પંચાયત, પાર્લામેન્ટ તથા

એસેમ્બલીના સભ્ય બની બેસે છે જેના પર કોઈ ક઼ાયદા ક઼ાનૂન લાગુ નથી થતા. અર્થાત લાંચ આપી કોઈ પણ ઈન્સાનોનું નાહક્ક઼ ખૂન વહાવી શકે છે, તેમના ભવિષ્યથી રમત થઈ શકે છે, રિશ્વત આપી ક઼ાનૂન ખરીદી શકાય છે, જૂઠા સાક્ષીઓ તૈયાર કરી શકાય છે, જમીન જાયદાદ પર નાજાઈઝ કબ્જો જમાવી શકાય છે, બનાવટી મેડિકલ રિપોર્ટ, સર્ટિફિકેટ મેળવી શકાય છે, પરીક્ષામાં સારા માર્કસથી પાસ થઈ શકાય છે, ડોનેશનના નામે લાંચ આપી સરકારી નોકરીઓ પ્રાપ્ત કરી શકાય છે, સડકો પર ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન કરી શકાય છે, ઈલેક્શનના પરિણામો રાતોરાત બદલી શકાય છે, સમગ્ર દેશ તથા જનતાને દાવ પર લગાડી શકાય છે, લાંચના આધારે દેશની ઈજ્જતનો સોદો કરી શકાય છે, દુશ્મન દેશો માટે જાસૂસી કરી શકાય છે. આ સર્વ કુકર્મો રિશ્વત લાંચના આધારે આચરવામાં આવી શકે છે. અને જો કોઈ લાંચ આપવાની શક્તિ નથી ધરાવતો, કોઈ સિધ્ધાંતવાદી છે, ખુદાના ખૌફવાળો છે અથવા સરકારી કર્મચારીઓની નાજાઈઝ માંગણીઓ પૂરી નથી કરી શકતો તો ક઼ાયદાનું પાલન કરવા છતાં જેલની કાળી કોઠરીમાં જઈ શકે છે.

રિશ્વતની લેવડ દેવડ ચુકાદાઓમાં અધિકતમ થાય છે એટલા માટે ઈસ્લામે લાંચના સર્વ દ્વાર (રસ્તા) બંધ કરી દીધા છે. અલ્લાહ તઆલાને એ વાતનો ઈલ્મ હતો કે કેટલાક લોકો હદિયા, તોહફા, ભેટ તથા ગિફટના રૂપમાં રિશ્વત દેવાની કોશિશ કરશે, એટલા માટે ઈસ્લામે સત્તાધિશો (અને કર્મચારીઓ)ને એવી ભેટો લેવાથી મના ફર્માવી દીધું કે જેનાથી રિશ્વતની દુર્ગંધ આવતી હોય. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું : "જે વ્યક્તિ કોઈ ક઼ૌમનો અધિકારી અથવા જજ નિમણૂંક થયો એ ક઼યામતના દિવસે અલ્લાહ તઆલાના સમક્ષ એવી હાલતમાં હાજર થશે કે એનો હાથ ગરદનની સાથે બંધાયેલો હશે.

પછી જો એ લાંચ ન લેતો હતો અને સર્વ ફેંસલા નિષ્પક્ષ રીતે કરતો હતો તો એને આઝાદ કરી દેવામાં આવશે પરંતું જો એ રિશ્વત લેતો હતો અને સત્ય વિરૂદ્ધ ફેંસલો કરતો હતો તો ઊંધા માથે જહન્નમમાં નાખી દેવામાં આવશે."

રાજનેતાઓ, અધિકારીઓ તથા ઉચ્ચ કર્મચારીઓએ આ બાબતે અધિક સાવચેતી રાખવી જોઈએ કારણ કે તેમના હાથ નીચેના લોકો બુરાઈમાં એમનું અનુકરણ વધુ કરે છે અને વિચારે છે કે આપણા સાહેબ જ લાંચ લઈ રહ્યા છે તો પછી આપણે લેવામાં શું વાંધો છે. આ જ રીતે લાંચ અને રિશ્વતખોરીનો ક્રમ ચાલતો રહે છે.

આપ દુનિયાના કોઈ પણ કાર્યાલયમાં હોવ અથવા કોઈ પણ પદ પર બિરાજમાન હોવ પોતાના પદનો નાજાઈઝ ફાયદો ન ઉઠાવશો, કોઈનાથી રિશ્વત ન લેશો, અલ્લાહ ﷻ થી ડરશો, અલ્લાહની પકડ દરેક માટે છે, ધનવાન હોય અથવા નિર્ધન, અધિકારી હોય અથવા કર્મચારી, સત્તાધીશ હોય અથવા સામાન્ય જનતા, મુસલમાન હોય અથવા ગૈરમુસ્લિમ, આલિમ હોય કે જાહિલ દરેકને તેના સમક્ષ જવાબ આપવો પડશે. શરીઅતનો હુકમ છે કે રિશ્વત અને બેઈમાનીની કમાઈ હરામ છે અને હરામ (કમાઈ)થી કરવામાં આવતી કોઈ પણ નેકી અલ્લાહ તઆલાને ત્યાં સ્વીકારને પાત્ર નથી. ઈસ્લામે જેમ નાજાઈઝ રીતે કરેલ કમાઈને હરામ ઠરાવી છે તે જ રીતે હલાલ રીતે ઈમાનદારી સાથે કારોબાર અને તિજારત કરવાનો પણ હુકમ આપ્યો છે. અને તેની ઘણી મોટી ફઝીલત બતાવી છે. નબીએ કરીમ ﷺ એ ફર્માવ્યું :

كَسْبُ الْحَلَالِ فَرِيضَةٌ عَلٰى مُسْلِمٍ وَّ مُسْلِمَةٍ بَعْدَ صَلوٰةِ الْفَرْضِ

"ફર્ઝ નમાઝ પછી સૌથી અગત્યનો ફર્ઝ દરેક મુસલમાન સ્ત્રી પુરૂષ પર હલાલ રોજી પ્રાપ્ત કરવું છે." અને આ એટલો મહત્વનો ફર્ઝ છે કે એના પર જ સર્વ ફર્ઝો, વાજિબો અને નેક અમલોના કૂબૂલ થવાનો

દારોમદાર છે.

મારા લખાણનો વિષય જેમ કે કારોબાર અને વ્યાપાર છે, માટે એનાથી સંબંધિત અમુક હદીષો રજૂ કરવાની નેકબખ્તી પ્રાપ્ત કરું છું.

## ★ અંબિયાએ કિરામ عَلَيْهِمُ السَّلَام ના પવિત્ર વ્યવસાય ★

વેપાર, કારોબાર અને મહેનત મજૂરી કરી હલાલ રોજી હાંસલ કરવું કોઈ નાનમ અને શરમની વાત નથી બલ્કે એ તો અલ્લાહ جَلَّ جَلَالُهٗ ના નેક અને બર્ગુઝીદા બંદાઓની સુન્નત છે. આપણા બુઝુર્ગાને દીન અને અંબિયાએ કિરામ عَلَيْهِمُ السَّلَام રિઝ્ક માટે કેટલી મહેનત તથા તકલીફ કરતા હતા. કુર્આનના વર્ણનથી જણાય છે કે : હઝરત દાઊદ عليه السلام લુહારીનું કામ કરતા હતા. લોખંડને ઓગાળીને બખ્તર બનાવતા હતા. હઝરત નૂહ અને ઝકરિયા عليهما السلام સુથારીનું કામ કરતા હતા. હઝરત ઈદરીસ عليه السلام સિલાઈ, હઝરત સૈયદના આદમ અને હઝરત સૈયદના ઈબ્રાહીમ عليهما السلام ખેતીવાડી, હઝરત સૈયદના સુલૈમાન عليه السلام જે સમગ્ર દુનિયાના બાદશાહ હતા, આપ ઝાડના પાદડાં અને છાલથી પંખા, ટોપલી, થેલા વગેરે તૈયાર કરી ગુજરાન ચલાવતા હતા. મતલબ એ કે જેટલાય અંબિયાએ કિરામ આ દુનિયામાં તશરીફ લાવ્યા સૌએ મહેનત મજૂરી કરી, સરકારે દો આલમ صلی اللہ علیہ وسلم એલાને નુબુવ્વત પહેલાં પોતે મક્કા મુકર્રમામાં વેપાર કરતા હતા અને એમાં એટલા પરિપૂર્ણ થયા કે એ (તિજારત) જ હઝરત ખદીજા رضی اللہ عنہا સાથે આપના નિકાહનું કારણ બની.

સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْن ના પવિત્ર જીવનનો અભ્યાસ કરો તો સહાબાએ કિરામની જમાઅત તિજારતમાં વ્યસ્ત નજર આવશે. મદીના મુનાવ્વરાના અન્સારી સહાબાને તિજારતમાં કાર્યરત પામશો. ચારેવ (ઈસ્લામી) ખલીફાઓ તિજારત કરતા હતા.

હઝરત સલમાન ફારસી ચટાઈઓ બનાવી વેચતા હતા, હઝરત અમ્ર બિન આસ અને હઝરત ઝુબૈર رضی اللہ عنہما કસાઈનો ધંધો કરતા હતા, હઝરત ખુબાબ લુહારી કામ કરતા હતા, હઝરત અબૂ સુફિયાન બિન હર્બ رضی اللہ عنہ તેલ, અચાર અને ચટણીનો વ્યાપાર કરતા હતા, હઝરત સઅદ બિન અબી વક્કાસ رضی اللہ عنہ તીર બનાવી વેચતા હતા. ગૌષે આ'ઝમ, ઈમામ આ'ઝમ અને તમામ અઈમ્માએ મુજતહિદીન પોત પોતાના યુગના મલિકુત્તુજ્જાર (વેપારીઓના બાદશાહ) હતા અને ઈલ્મ તથા અમલના મોજાં મારતા સમુદ્ર હતા. અને એ બુઝુર્ગોએ દુનિયાની જિંદગીને એટલા માટે અપનાવી કે એના દ્વારા દીન પ્રાપ્ત કરે. જે વ્યક્તિ દીન પર અમલ કરી દુનિયા પ્રાપ્ત કરે છે તેની દુનિયા પણ દીન બની જાય છે. ઈસ્લામનો હરગિઝ એ આદેશ નથી કે આપણે દુનિયાને ત્યજી રાત દિવસ અલ્લાહ તઆલાની ઈબાદતમાં વ્યસ્ત રહીએ, સુસ્ત, આળસુ, બની જઈએ, મહેનત મજૂરી ન કરીએ, કામ ધંધો ન કરીએ અને પરિણામે ગરીબી તથા મોહતાજીમાં સપડાઈએ. કારણ કે ઘણીવાર ઈન્સાન ગરીબી તથા તંગદસ્તીમાં સપડાઈને કુફ્રની હદ સુધી પહોંચી જાય છે. તંગદસ્તી, ગરીબી તથા મોહતાજીની હાલતમાં સંસ્કાર અને રૂહાનિયતનો પણ સત્યાનાશ થઈ જાય છે.

## ★ સાચો વેપારી જન્નતમાં નબીઓના સંગ ! ★

નબીએ કરીમ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું :-

اَحَلُّ مَا اَکَلَ الرَّجُلُ مِنْ کَسْبِہٖ وَھِیَ بَیْعٌ مَّبْرُوْر- "સર્વાધિક હલાલ રોજી જેને મનુષ્ય ખાય શકે છે તે એની મહેનતની કમાણી અને તિજારત (વેપાર) છે, જેમાં જૂઠ અને ખયાનત સામેલ ન હોય, એટલા માટે હે લોકો ! વ્યાપાર કરો, કારણ કે રોજીના દસ હિસ્સા છે, (એમાંથી) નવ હિસ્સા માત્ર વેપારમાં છે."

એકવાર હુઝૂર ﷺની બારગાહમાં અમુક સહાબાએ કિરામ બેઠા હતા કે (એવામાં) એમનામાંથી કોઈકે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ આપ મારા ધંધા વિશે શું ફર્માવો છો ? ફર્માવ્યું, તમારો ધંધો શાનો છે ? તેમણે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ હું કપડાં સીવું છું, દરજી (ટેલર)નું કામ કરું છું. ફર્માવ્યું, "ઘણો સારો ધંધો છે ! **જો તમો ખયાનત ન કરો તો દરેક ટાંકા પર એક ગાઝીના તીર ચલાવવાનો સવાબ મળશે, જો તમો ફર્ઝો અને વાજિબોને (તેમના) સમય પર અદા કરતા રહો તો દરેક ટાંકા પર તમારા નામએ આમાલમાં એક વરસનો સવાબ લખવામાં આવશે, અને તમો હઝરત ઈદરીસ ાની સાથે જન્નતમાં દાખલ થશો."** બીજા સહાબીએ અર્ઝ કરી, સરકાર ! ﷺ મારા ધંધા વિશે શું ફર્માવો છો ?! ફર્માવ્યું, તમો શો વ્યવસાય કરો છો ? અર્ઝ કરી, કપડાં વેચું છું, ફર્માવ્યું, "તમારા માટે જરૂરી છે કે તમે જૂઠ ન બોલો અને કપડાનો ઐબ વર્ણવી દો, ક્યાંક એવું ન થાય કે ધોકા અને ફરેબના અઝાબમાં ક઼યામતના દિવસે પકડવામાં આવો. જો તમે દિયાનત અને સચ્ચાઈથી કામ લેશો તો હઝરત સાલેહ عليه السلامની સાથે જન્નતમાં જશો."

ત્રીજા એક સહાબીએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ હું કડીયો (બિલ્ડર) છું મકાન બાંધવાનું કામ કરું છું, ફર્માવ્યું, "જો તમે સચ્ચાઈથી કામ લીધું **હઝરત ઈબ્રાહીમ عليه السلامની સાથે જન્નતમાં** જશો.

ચોથા સહાબી ઉભા થઈ અર્ઝ કરવા લાગ્યા, યા રસૂલલ્લાહ ! ﷺ હું **વેપાર** કરું છું, મારા આ વ્યવસાય વિશે શું ફર્માવો છો ? ફર્માવ્યું, **"જો તમે સચ્ચાઈથી કામ લીધુ તો મારી સાથે જન્નત હશો."** એ જ રીતે બીજા એક સહાબીએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ !

ﷺ હું જમીન ખોદુ છું કૂવો બનાવું છું, ફર્માવ્યું, સારો વ્યવસાય છે, જો તમે અલ્લાહનો હક્ક઼ અદા કરતા રહો તો તમને દરેક ઘા (સ્ટ્રોક)ના બદલે એક ગુલામ આઝાદ કરવાનો સવાબ મળશે.

અન્ય એક સહાબી અર્ઝ કરવા લાગ્યા, યા રસૂલલ્લાહ ! ﷺ હું વેપાર કરું છું, દુકાન ચલાવું છું, ફર્માવ્યું, **બહુ સારું કામ છે જો તમે ઝકાત દેતા રહો અને નમાઝ ન છોડો તો જે ક઼દમ તમે વેપાર માટે ઉઠાવશો દરેક ક઼દમ પર એક હજ્જ અને એક ઉમરાનો સવાબ તમારા નામએ આમનલમાં લખવામાં આવશે."** (અને) ફર્માવ્યું, **"વેપારીઓનો હશ્ર ફાજિરો (ગુનેહગારો) સાથે થશે, પરંતું જે વેપારી અલ્લાહ તઆલાથી ડરે છે અને સાચુ બોલે છે તેનો હશ્ર અંબિયાએ કિરામની સાથે થશે."**

વેપારી પોતાના માલનો ભાવ વધારે બતાવે એ જાઈઝ છે પરંતું જૂઠ ન બોલે કે મને આટલાનો પડે છે અને આટલાની ખરીદી છે ! જેમ કે આજકાલ સામાન્ય રિવાજ છે. વધુ કિંમત બતાવી ઓછી કરવામાં કોઈ વાંધો નથી, એ જ રીતે ગ્રાહકને પણ જોઈએ કે સારી રીતે વસ્તુની ચકાસણી કરે અને કિંમત ઓછી કરાવે કે આ હસ્નૈન કરીમૈન (હઝરત ઈમામ હસન અને હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہما)ની સુન્નત પણ છે.

ભાઈઓ ! કોઈ પણ જાઈઝ અને હલાલ વ્યવસાયને નીચો ન સમજો. હુઝૂર નબીએ કરીમ ﷺએ ફર્માવ્યું, "જે શખ્સ હલાલ રોજીની તલાશમાં ઝિલ્લતની જગાએ ઉભો રહે છે તો એના ગુનાહ એ રીતે જડે છે જેમકે ઝાડના પાદડાં જડે છે." કોઈ પણ જાઈઝ અને હલાલ વ્યવસાય ઈન્સાનને બેઈજ્જત નથી કરતો. અલ્બત્ત ઈન્સાન વ્યવસાયને બેઈજ્જત કરે છે. જાઈઝ અને હલાલ વ્યવસાય અપનાવવું

અંબિયાએ કિરામ عَلَيْهِمُ السَّلَام ની સુન્નત છે. હઝરત આદમ عَلَيْهِ السَّلَام થી લઈને હુઝૂર ﷺ સુધી દરેક નબી, પ્રત્યેક સહાબી, વલી, ઈમામ અને મુજતહિદે કોઈ ન કોઈ હલાલ વ્યવસાય જરૂર અપનાવ્યો છે, જેનાથી માલૂમ થયું કે વેપાર અને કારોબાર કરવું અંબિયાએ કિરામ عَلَيْهِمُ السَّلَام તથા બુઝુર્ગાને દીન رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْن ની સુન્નત છે.

## ★ એક ઈમાનદાર વેપારીની કહાની ★

કહેવામાં આવે છે કે એક બુઝુર્ગ હતા જેમનું નામ શૈખ મુહમ્મદ તાહિર હતું, ખેડૂત હતા, હલાલ કમાઈ ખાવાની હમેશાંની આદત હતી, ખેતીવાડી પર ગુજરાન ચાલતુ. એક વરસે સિંચાઈ માટે કોઈ અનાજ ન મળ્યું. ખેતીથી આપનું દિલ ઉચાટ થઈ ગયું અને નોકરી શોધવા લાગ્યા પરંતુ એવા માણસની નોકરી કરવા માંગતા હતા જે જાલિમ ન હોય અને જાઈઝ માલથી પગાર આપે. ઘણી શોધખોળ બાદ આપને એક નોકરી મળી ગઈ, આપે ખુશી ખુશી સ્વીકારી લીધી પરંતુ વતનથી સેંકડો માઈલ દૂર હતા. બીવી બચ્ચાં યાદ આવતાં તો આપ ગમગીન થઈ જતા.

મા બાપ, દોસ્ત, રિશ્તેદાર, બીવી બચ્ચાં અને વતનથી જુદાઈની તકલીફો એ લોકોને પૂછો જેઓ પોતાના બીવી બચ્ચાંઓથી દૂર રહી નોકરી કરતા હોય છે. કહેવાનું તો બહુ સરળ છે કે ફલાણાને તો લીલા લહેર છે પરંતુ કરી બતાવવું ઘણું કઠિન છે. કેટલાંય વરસો વિતી ગયાં, એક દિવસ એમને જાણ થઈ કે એમના ગામનો કોઈ માણસ આવ્યો છે જે વેપારી છે. વતનની મહોબ્બત જોશમાં આવી અને આપ મુશ્કેલીથી સમય કાઢી તેને મળવા ગયા. તે વેપારીએ કહ્યું કે તમારાં ગરીબ બીવીએ સંદેશો મોકલ્યો છે કે તમારે જવાને એક મુદત થઈ અને હજુ સુધી ઘરની તમે કોઈ ખબર લીધી નથી. તમારી પુત્રી યુવાન

થઈ ગઈ છે હવે એની શાદી વિશે કાંઈ વિચારશો કે નહીં ? જ્યારે એ વેપારીથી શૈખ મુહમ્મદ તાહિરે આ સાંભળ્યું તો તુરંત પોતાના માલિકને ત્યાં આવ્યા અને એ જ સંદેશો દોહરાવ્યો અને માલિકથી મદદ માંગી. માલિકે કહ્યું, હમણા તો મારાથી કાંઈ જ નહીં થાય. શૈખ મુહમ્મદ તાહિરે કહ્યું, જે પણ થઈ શકે આપી દો, દીકરી ઉમર લાયક થઈ હવે તેની શાદી કરવી છે. માલિકે ચાર ટકે પૈસા કાઢી શૈખ મુહમ્મદ તાહિરના હાથમાં થમાવી દીધા. શૈખ મુહમ્મદ તાહિરે એ પૈસા લાવી એ વેપારીને આપી દીધા અને કહ્યું કે આ પૈસા વતન જઈ મારી બીવીને આપી દેજો. વેપારીને પહેલાં તો આશ્ચર્ય થયું પરંતુ જ્યારે શૈખ મુહમ્મદ તાહિરની નોકરીની વિગત માલૂમ થઈ તો તે કાંઈ ન બોલ્યો. મનમાં વિચાર્યું કે આટલે દૂરથી જઈ બે ચાર પૈસા દેવા કેટલુ શરમજનક છે. લાવ એ પૈસાની કોઈ વસ્તુ ખરીદી તેમને ભેટરૂપે આપી દઈશ. તેણે બજારમાં દરેક વસ્તુની કિંમત પૂછી તો તે સમયે સૌથી વધુ સસ્તા દાડમ હતા. જેથી તેણે ચાર પૈસાના સો દાડમ ખરીદી લીધા અને જહાઝ પર બેસી વતન રવાના થઈ ગયો. કેટલાય દિવસ સુધી ચાલ્યા બાદ જહાઝ એક દેશના બંદરગાહ પર પહોંચ્યું. લોકો જહાઝથી ઉતરી આમ તેમ ફરવા લાગ્યા કે એવામાં એ દેશના રાજા તરફથી અમુક સરકારી કાર્યકર્તાઓ દાડમ શોધતા શોધતા ત્યાં આવી પહોંચ્યા. ખુદાનું કરવું કે એ વેપારી સિવાય કોઈની પાસે દાડમ ન હતા. રાજાના દરબારીઓએ વેપારીને પૂછયું કે, દાડમ વેચશો ? વેપારીએ કહ્યું, વાત શું છે અને તમે લોકો પરેશાન શા માટે દેખાવ છો ? તેઓએ કહ્યું, અમારા રાજાના સુપુત્ર સખત બીમાર છે, તબીબોએ દાડમનું નીચોવેલું પાણી સૂચવ્યું છે અને અમારા દેશમાં દાડમ મળતા નથી. વેપારીએ કહ્યું, કેટલા દાડમ જોઈએ છે ? તેમણે

કહ્યું, એક પણ મળી જાય તો ગનીમત છે. વેપારીએ કહ્યું, રાજકુમાર બીમાર છે તો એક દાડમ લઈ જાવ પરંતું હું વેચીશ નહીં. દરબારીઓ દાડમ લઈ જલ્દી જલ્દી રવાના થયા. રાજકુમારને દાડમનો રસ નિચોવીને પીવડાવવામાં આવ્યો, બસ ! રસ પીતાં જ તબિયત ઠીક થવા લાગી અને તેણે આંખો ખોલી. રાજાને જયારે જાણ થઈ કે રાજકુમારની તબિયત સહેજ ઠીક થઈ છે તો તેણે તુરંત વજીરને આદેશ આપ્યો કે જહાઝ પર જઈને જુઓ અને જેટલા પણ દાડમ હોય એ સર્વ ખરીદી લાવો અને વેપારી જે પણ કિંમત માંગે એને મોં માગી કિંમત શાહી ખઝાનામાંથી આપી દો. ફર્માન સાંભળી વજીર જહાઝ પર આવ્યો. વેપારીની સાથે ભાવ તાવ કરવા લાગ્યો. વેપારીએ કહ્યું કે આ દાડમ વેચવા માટે નથી, હું તેને ભેટ આપવા માટે લઈ જઈ રહ્યો છું. પરંતું જો હું એને વેચવા પણ ચાહું તો આપ એની શું કિંમત આપી શકશો ? વજીરે કહ્યું, જે કિંમત માંગશો આપવામાં આવશે, એટલા માટે કે દાડમ ખરીદવું ઘણુ જ અનિવાર્ય છે. વેપારીએ કહ્યું, જો આવું જ છે તો એક દાડમની કિંમત એક હજાર રૂપિયા લઈશ. તે વખતે કુલ ૯૯ દાડમ વેપારી પાસે હતાં અને એક દાડમ પહેલાં દઈ ચૂકયો હતો. સો દાડમની કિંમત આપી વજીર સો દાડમ ખરીદી લીધાં. ઘરે પહોંચી વેપારીએ લાખ રૂપિયાનો ખજાનો શૈખ મુહમ્મદ તાહિરના બીવીને સુપરત કરી દીધો. શૈખ મુહમ્મદ તાહિરના બીવીએ આશ્ચર્યથી પૂછયું કે મારા પતિ તો એવી નોકરી નથી કરતા તો પછી આટલા બધા રૂપિયા ક્યાંથી આવ્યા ? વેપારીએ સઘળી હક઼ીક઼ત જણાવી કહ્યું કે હક઼ીક઼તમાં તમારા પતિએ ચાર પૈસા આપ્યા હતા અને એનાથી જ આ નફો થયો છે, એને લેવાથી મનાઈ ન કરો.

ભાઈઓ ! આ ઘટનાથી જાણવા મળ્યું કે તિજારતમાં બરકત જ

બરકત છે, અને એ પણ જાણવા મળ્યું કે અમાનતમાં ખયાનત ન કરવી એ ઉચ્ચ કક્ષાનું ઈમાન છે. વેપારી સર્વ રૂપિયા લઈ લેતો અને શૈખ મુહમ્મદ તાહિરના બીવીને માત્ર ચાર પૈસા જ આપતો જે એમના પતિએ આપ્યા હતા તો કોઈને શું જાણ થાત ! પરંતુ નહીં ! ઈમાનદાર વેપારીએ વિચાર્યું કે આ સર્વ ખજાનો એ જ ચાર પૈસાના લીધે છે જેના હક્કદાર શૈખ મુહમ્મદ તાહિરના ઘરવાળાંઓ છે, હું એમાંથી કાંઈ લેવાનો હરગિઝ હક્કદાર નથી.

ઈસ્લામે વેપારનો હુકમ આપ્યો છે તો વેપારના નિયમો પણ દર્શાવી દીધા છે કે જૂઠ બોલીને, જૂઠી કસમો ખાઈને વેપાર ન કરો કે આ રીતે ભલે માલ વેચાઈ જાય છે પરંતુ બરકત પણ ઉઠી જાય છે. નુકસાનીવાળો માલ ન વેચો, નબીએ કરીમ ﷺએ ફર્માવ્યું : "જેણે ઐબવાળી વસ્તુ વેચી અને તેના ઐબને જાહેર ન કર્યો તે હમેશાં અલ્લાહની નારાઝગીમાં છે અને હમેશાં ફરિશ્તાઓ તેના પર લા'નત કરતા રહે છે." અને જો નુકસાન, ઐબવાળો માલ ભૂલથી ગ્રાહકને આપી પણ દીધો તો ગ્રાહકને પરત કરવાનો અને તમને પરત લેવાનો પૂરેપૂરો હક્ક છે. આજકાલ ધોકો આપી માલનો ઐબ અને નુકસાની છુપાવી તિજારત કરવી વેપારીઓની આદત બની ગઈ છે. નબીએ કરીમ ﷺએ ફર્માવ્યું, "જેણે કોઈ વસ્તુ દુકાનદારથી ખરીદી પછી તેણે તે વસ્તુને પરત કરવા ચાહ્યું તો જે દુકાનદાર ગ્રાહકની વસ્તુને પાછી લઈ લે અને તેની કિંમત પરત આપી દે તો કયામતના દિવસે અલ્લાહ તઆલા તેના ગુનાહોને નેકીઓમાં બદલી નાખશે, તેના સર્વ ગુનાહ માફ ફર્માવી દેશે અને તેની જાનને દોઝખથી બચાવી લેશે."

## ★ જૂઠા વેપારીઓ ★

અલ્લાહના એક નેક બંદાએ જોયું કે એક ઔરત ખજૂરોની એક

દુકાન પાસે ઉભી ઉભી રડી રહી છે. તેને રડતી જોઈ અલ્લાહવાળાને લાગણી પેદા થઈ. પાસે જઈને પૂછયું, બેટા ! શું વાત છે ? તું કેમ રડી રહી છે ? તેણીએ કહ્યું, મારા માલિકે મને ખજૂરો લેવા મોકલી હતી, હું આ દુકાને આવી, તેણે મને ખરાબ ખજૂરો આપી દીધી અને કિંમત સારી ખજૂરોની લીધી. મારા માલિકે આ ખજૂરો પરત કરી દીધી છે અને કહ્યું કે, જા ! જેવી કિંમત છે એવો માલ નથી, પાછી દઈ આવ. એટલા માટે પરત કરવા આવી છું તો આ બદબખ્ત લેવાની ના પાડે છે.

યાદ રાખશો ! ધોકાથી માલ વેચવો સખત ગુનોહ છે. જૂઠી ક઼સમો ખાઈને ગ્રાહકને સંતુષ્ઠ કરવું કે માલ ઘણો સારો છે, એ એનાથી પણ મોટો ગુનોહ છે. અમુક લોકો સમજે છે કે ધોકો આપવું એ ધંધાની ટ્રીક છે, એક બિઝનેસ પોલીસી છે. આ વાત સદંતર ગલત અને અમાનવીય પણ છે. ઈસ્લામ કોઈ પણ સંજોગોમાં ધોકો આપવાની ઈજાઝત નથી આપતો. અલ્લાહના રસૂલ ﷺ પોતે પણ વેપાર કરતા હતા એટલા માટે વેપારીઓની ફિતરતને પણ સારી રીતે સમજતા હતા. ફર્માવ્યું : ધોકો આપવો, ઓછુ તોલવું, મિલવાટ કરવી, માલના ઐબને છુપાવવું, ચોર બજારી કરવી આ સૌ જુર્મ અને ગુનોહ છે. વેપારથી આ સૌ બુરી વાતોનો કોઈપણ સંબંધ નથી. જે રીતે કોઈ સંસ્થા અથવા ગવર્નમેન્ટની નોકરી સાથે રિશ્વતને કોઈ સંબંધ નથી, આમ કરવું ઉઘાડી બેઈમાની અને બદ્દયાનતી છે. જાહેર છે કે ચોરી, બદ્દયાનતી તિજારત નથી. તિજારતમાં નફો થાય છે પરંતું નફાની પણ એક હદ નિશ્ચિત છે. આપણને બતાવી દેવામાં આવ્યું છે કે જે કિંમત વધારવા માટે એક રાત્રી પણ માલ રોકી રાખે તે અલ્લાહ અને રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّم નો ગુનેહગાર અને મુજરિમ છે. એવી વ્યક્તિ અલ્લાહના કેહરો ગઝબનો નિશાનો બનશે. જે દુકાનદાર

ખરાબ માલ દે તો એની જવાબદારી છે કે તેને પાછો લઈ લે. જેથી અલ્લાહના એ નેક બંદાએ ખજૂરોના વેપારીને ફર્માવ્યું કે તું આ સ્ત્રી પાસેથી ખજૂરો પાછી લઈ લે એનો માલિક એનાથી નારાજ થવામાં હક્ક પર છે, તેં એના પર ઘણો જુલ્મ કર્યો છે. પરંતું એ દુકાનદાર ઘણો ચતુર અને નફ્ફટ આદમી હતો. તેણે ન કેવળ પાછી લેવાથી ઈન્કાર કર્યો બલ્કે એ બુઝુર્ગને પણ ધુત્કારી કાઢયા. એવામાં કેટલાક લોકો ત્યાં ભેગા થઈ ગયા. જયારે એમણે જોયું કે દુકાનદાર આ અલ્લાહના નેક બંદાને પણ ધુત્કારી રહ્યો છે તો એમનામાંથી કોઈએ કહ્યું : "જાલિમ ! તું શું કરી રહ્યો છે ? તને ઓળખ પણ ન પડી કે તું કોની સાથે બદ્તમીઝી કરી રહ્યો છે ?" તેણે પૂછયું, કોણ છે એ ? લોકોએ કહ્યું, આ અમીરુલ મો'મિનીન છે ! હવે તેના હોશો હવાસ ઉડી ગયા. તુરંત હાથ જોડી માફી માંગવા લાગ્યો !

માલૂમ થયું તેને અલ્લાહનો ખૌફ નહીં બલ્કે હુકૂમતનો ખૌફ હતો. તેણે ગદ ગદ થઈને કહ્યું : અમીરુલ મો'મિનીન ! જો આપ નારાજ થઈ ગયા હોય તો મને માફ કરી દો. આમ કહી તેણે તુરંત ખજૂરો બદલી આપી. એ અમીરુલ મો'મિનીન હઝરત અલી શેરે ખુદા رضی اللہ عنہ હતા. જો આપ ચાહતા તો તેને બદ્તમીઝી અને ગુસ્તાખીની સજા આપતા, પરંતું આપે તેના ધુત્કારવાને બુરું ન માન્યું. માત્ર એટલું ફર્માવ્યું કે જો તું સચ્ચાઈ અને ઈમાનદારી સાથે વેપાર કરીશ તો હું તારાથી ખુશ રહીશ. અહીંયા એ વાત પણ સ્પષ્ટ કરી દઉં કે હુકૂમતની જવાબદારીઓમાં એ વાત પણ આવે છે કે હુકૂમત બજારની કિંમતો પર નજર રાખે. ખુલ્ફાએ રાશિદીન ખાસ કરીને હઝરત ઉમર رضی اللہ عنہ એ તો પોતાના ખિલાફતકાળમાં કાયદેસર એક કચેરી કાયમ કરી હતી અને એક સહાબી رضی اللہ عنہ ને એ કચેરીના પ્રમુખ નિમણૂંક કર્યા હતા.

વેપારીઓ, વ્યવસાઈઓ અને વ્યાપારીઓની ઘણી જવાબદારીઓ

હોય છે. તેમણે યાદ રાખવું જોઈએ કે એમનો સખત હિસાબ થશે. એમ ન સમજશો કે આ પકડ માત્ર આખેરતમાં થશે, જૂઠા વેપારી અને ચોરબજારી કરવાવાળા, મનમાની કિંમત લઈ વેચવાવાળા દુનિયામાં પણ ફલીફુલી નથી શકતા. એ અલગ વાત છે કે થોડાક દિવસો માટે કોઈની પાસે ધન દૌલતની રેલમછેલ થઈ જાય. પરંતુ આવો ધોકેબાજ વેપારી દિલના સુકૂનથી વંચિત કરી દેવામાં આવે છે. રોગ અને બીમારીઓ તેનું ઘર ઘેરી લે છે, ઘરવાળાં બુરી આદતોમાં સપડાય છે, અને કુદરતનો ક઼ાનૂન કોઈ ન કોઈ રીતે તેને તેની ભૂલોની સજા આપે છે.

વેપાર કરવું સર્વ નબીઓની સુન્નત છે.સર્વ સહાબાએ કિરામ તિજારત કરતા હતા. તેઓએ આપણી રહનુમાઈ માટે વ્યાપાર નીતિ નિયમો પણ બતાવ્યા છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું : ઓછુ માપવાવાળા અને ઓછુ તોલવાવાળા, જૂઠી ક઼સમો ખાઈ માલ વેચવાવાળા, ચોરબજારી અને મિલાવટ કરવાવાળા ક઼યામતના દિવસે સખત અઝાબમાં હશે. અને આ દુનિયામાં પણ એમનો અંજામ બૂરો થશે. અલ્લાહ ﷻનું મુક઼દ્દસ કુર્આન બતાવે છે કે અલ્લાહ તઆલાએ એવા લોકોની વસ્તીઓ ઉજાડી દીધી જેઓ માપ તોલમાં કમી કરતા હતા. હદીષે મુબારકામાં છે, "જે વ્યક્તિ માપ તોલમાં કમી કરે છે ક઼યામતના દિવસે તેને જહન્નમની ઊંડાઈમાં નાંખવામાં આવશે અને બે આગના પહાડો વચ્ચે બેસાડી હુકમ આપવામાં આવશે કે આ પહાડોને માપ અને તોલ જ્યારે એ તોલવા લાગશે તો આગ તેને સળગાવી દેશે."

## ★ માપ તોલમાં કમી કરવી હરામ છે ★

કહેવામાં આવે છે કે મદીના મુનવ્વરાના બજારમાં શાકભાજી વેચાય

રહી હતી. એક શાકભાજી વેચનાર આધેડ વયની વૃધ્ધાએ પોતાની દુકાન સજાવી રાખી હતી. ગ્રાહક આવતા અને જોઈતી વસ્તુ લઈ જતા. એકવાર વૃધ્ધા શાકભાજી તોલી રહી હતી કે ગ્રાહકે કહ્યું : "જરા સંભાળીને !" વૃધ્ધાએ કહ્યું, શું મતલબ ? જવાબ મળ્યો : માપ બરાબર થવો જોઈએ. જ્યારે તેણીએ ગ્રાહકની આ વાત સાંભળી તો એને સહેજ ખોટુ ન લાગ્યું. પરંતું ગ્રાહક કોઈ અન્ય ન હતું, નવાસએ રસૂલ હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہ હતા. આપે ત્રાજવાનાં પલ્લાં ઠીક કર્યા. તેણીએ પૂછયું : આપ આવું શા માટે કરો છો ? ફર્માવ્યું : હે ઔરત ! ક્યાંક તારો હક્ક઼ મારા તરફ અને મારો હક્ક઼ તારા તરફ ન રહી જાય. હું આ રીતે પોતે પણ પાક થાઉં છું અને તને પણ પાક કરું છું. જો માપ તોલમાં બીજાનો હક્ક઼ તારા તરફ રહી ગયો તો ક઼યામતમાં એના પર સખત પકડ થશે. યાદ રાખ ! માપ તોલમાં કમી કરવી હરામ છે. તે ઔરત આ વાત સાંભળી ધ્રુજી ઉઠી અને માપતોલમાં કમી ન કરવાનો પાકો વાયદો કર્યો.

સૂરએ બની ઈસ્રાઈલમાં અલ્લાહ તઆલાએ ફર્માવ્યું : "હે લોકો ! જ્યારે માપો તો માપ પૂરો રાખો. અને વજન હમેશાં ઠીક ત્રાજવાથી કરો. આ જ સારું છે અને આ જ પરિણામના આધારે પણ ઉત્તમ છે." સૂરએ રહમાનમાં પણ છે : "હે લોકો તમે વજન નિશ્ચિત રાખો, વજન આમતેમ ન કરો. વેચનાર તથા ખરીદનાર ઈસ્લામની નજરમાં એકબીજાના હમદર્દ છે. દરેક ઈન્સાનને બીજા ઈન્સાન સાથે ભલાઈ અને હમદર્દીનો ઈસ્લામે હુકમ આપ્યો છે. એટલા માટે માપ તોલમાં કમી કરવાવાળા સમજે છે કે આ ચતુરાઈ છે ! પરંતું એ ચાલાકી ગ્રાહક નથી જોઈ રહ્યો તો શું થયું, ઈન્સાનનું પોતાનું દિલ પણ કોઈ ચીજ છે. બંદો જુએ કે ન જુએ પરંતું અલ્લાહ તઆલા તો જોઈ રહ્યો છે. કિરામન કાતિબીન એક એક વાત નોંધી રહ્યા છે. તેમની પાસે તો

જાણે એક પ્રકારનું કોમ્પ્યુટર છે. તેમને ધોકો આપવો તો શક્ય જ નથી. જે લોકો સમજે છે કે માપ તોલમાં કમી કરીને કંઈક બચાવી લેશે, તો આ તેમની ખૂબ જ મોટી ભૂલ છે. રિઝ્કમાં બરકત, કારોબારમાં બરકત, ચોરી, બેઈમાની અથવા ધોકાના કારણે ક્યારેય પણ નથી થતી, પરંતુ ઈમાનદારી અને સચ્ચાઈથી થાય છે. હઝરત નબી શોએબ ની કૌમ માપતોલમાં ગડબડ કરતી હતી અને સમજતી હતી કે આ વેપારની ચતુરાઈ અને પોલીસી છે. હઝરત શોએબ એ તેઓને ખૂબ જ સમજાવ્યા કે અલ્લાહ તઆલાથી ડરો અને માપતોલમાં કમી ન કરો. પણ આપની વાતોને કૌમે ન માની. લાખ સમજાવ્યા છતાં પણ તેઓ પોતાની હરકતોથી ન સુધર્યા. અલ્લાહ તઆલાએ તેમને તેની સજા આપી કે આખી કૌમને નષ્ટ કરી દીધી. આસ્માનથી આગનો વરસાદ વરસ્યો, ભૂકંપે તેમની વસ્તીઓને તબાહ કરી નાખી.

આ બનાવથી તે લોકોએ શિખામણ લેવી જોઈએ જે લોકો માપતોલમાં કમી કરે છે, તેમના માટે બર્બાદી જ બર્બાદી છે. દુનિયામાં પણ આવા લોકો નુકસાનમાં છે અને આખેરતમાં તેમના માટે દર્દનાક અઝાબ છે.

હુઝૂર જ્યારે હિજરત કરીને મદીના તશરીફ લઈ ગયા તો આપ એ માપતોલમાં કમી કરવાવાળાઓને દર્દનાક અઝાબની વઈદો (ચેતવણીઓ) સંભળાવી અને માપતોલ બરાબર રાખવા પર સખત આગ્રહ કર્યો. તેનું કારણ એ હતું કે મદીનાના બજાર પર હિજરત પહેલાં યહૂદીઓનો કબ્જો હતો. મદીનાની દરેક માર્કેટો પર તેઓ છવાએલા હતા. હેરાફેરી, માપતોલમાં કમી, મિલાવટ, સંગ્રહખોરી અને પૈસા માટે વેશ્યાવૃત્તિમાં તેમનો જવાબ ન હતો. તેઓ લેતી વખતે

પૂરેપૂરું લેતા અને આપતી વખતે ડંડી મારતા હતા. આ રીતે તેઓએ અહીંના બજારને બદનામ કરી રાખ્યું હતું. જ્યારે મુસલમાનોએ મદીના શરીફમાં પોતાનો કારોબાર અને ધંધો શરૂ કર્યો તો એ વાતનો ખાસ ખયાલ રાખ્યો કે માપતોલમાં કમી અને ચોરબજારી ન થવા પામે, પરિણામ એ આવ્યું કે ખૂબ જ ટૂંક સમયમાં વેપારની દુનિયામાં આ વાત વિખ્યાતિ પામી કે માપતોલમાં તોલ તો મદીનાની જ !

ફર્માને નબવી ﷺ છે કે જ્યાં માપતોલમાં કમી હશે ત્યાં અલ્લાહ તઆલા દુકાળ નાઝિલ ફર્માવશે. મોંઘવારી એટલી વધી જશે કે વસ્તુ આંખો સામે હશે અને આદમી તેને ખરીદી નહીં શકે, તો આ પણ દુકાળનો એક પ્રકાર છે અને સૌથી ખરાબ પ્રકાર છે.

## ★ મોંઘવારી ★

મદીનામાં એક વખત દુકાળ પડયો. જોતજોતામાં અનાજ મોંઘુ થઈ ગયું. યાદ રાખો કે અનાજ બે રીતે મોંઘુ થાય છે. એક તો કૃત્રિમ રીતે વેપારી અછત ઉભી કરી દે છે. આ ખૂબ જ ગુનાહનું કામ છે. જેણે માલ મોંઘો કરવા માટે માલને જમા કર્યો અને ગોડાઉનોને ભરી ભરીને રાખી, અલ્લાહ ક઼યામતના દિવસે તેને રહમતની દૃષ્ટિએ નહીં જુએ. આ પોતાની જગાએ ખૂબ જ મોટુ જંગલીપણુ છે. અલ્લાહના બંદા દાણા દાણાના મોહતાજ થઈ જાય છે અને આ બદબખ્ત લોકો પોતાનું બેંક બેલેન્સ વધારવા માટે અનાજ, માલ છુપાવી દે છે, ખાવા પીવાની વસ્તુઓનો સંગ્રહ કરી લે છે. તો આ જુલ્મ અને જંગલીપણુ નથી તો શું છે ? હજી કાંઈ વધારે દિવસો પસાર નથી થયા, અંગ્રેજ જ્યારે આપણા દેશ પર હુકૂમત કરતા હતા તો બીજા વિશ્વ યુદ્ધમાં બંગાળમાં ખૂબ જ સખત દુકાળ પડયો. લોકોએ પોતાનાં બાળકો વેચી દીધાં, ઈજ્જતો નિલામ કરી દીધી પણ મહાજનો અનાજનો સંગ્રહ કરી પોતાની તિજોરીઓ ભરતા રહ્યા હતા. અંગ્રેજ અગ્રેસરોને રિશ્વત

લાંચ આપીને કેટલાક મુસલમાન માલદારોએ પણ ખૂબ જ ધન કમાયું. તેમની આ કમાણી દોઝખના અંગારા છે.

અનાજ મોંઘુ થવાની બીજી રીત એ છે કે કોઈ કુદરતી આફત અને મુસીબત આવી પડે, વરસાદ ન પડે, ખેતરો નાશ પામી જાય, ખેતી બળી જાય, આ સ્થિતિમાં અનાજ મોઘુ થઈ જાય તો એમાં આદમીના જંગલીપણાને કોઈ દખલ નથી હોતો, એ માફીના લાયક છે. પરંતું જે લોકો પોતાનાં ખિસ્સાં ભરવા માટે મોઘવારી વધારે છે તો આવા લોકો જાલિમ છે. હુકૂમતે એના પ્રત્યે પગલાં લેવાં જોઈએ. જો આવું ન કરવામાં આવે તો સમયનો હાકિમ ખૂબ જ ગુનેહગાર થશે અને જનતાને અધિકાર છે કે તેનાથી પૂછપરછ કરે. ઈસ્લામ જેવી રીતે જુલમથી રોકે છે તેવી જ રીતે એ પણ હુકમ આપે છે કે પોતાની જાત પર જુલમ ન થવા દે. દરેક ઈન્સાનને અધિકાર છે કે તે પોતાના પાયાના હક્કોની રક્ષા કરે.

અલ્લાહના રસૂલ ﷺ જવાનીના સમયથી જ વેપાર ફર્માવતા હતા. ચાલીસ વર્ષ પછી પણ કેટલાક સમય સુધી આપ વેપાર કરતા રહ્યા.

મોઅલ્લિમે કાઈનાત ﷺએ તિજારત (વ્યાપાર) કરીને દુનિયાને બતાવ્યું કે ઈમાનદારી અને પાક પવિત્ર તરીક઼ાથી તિજારત કેવી રીતે કરવામાં આવે. ધોકા દેવાનો જે રિવાજ આજે આમ છે, તેમાં કેટલાક નવા છે કેટલાક પૂરાણા શૈતાની હથિયારો છે. જેથી ઈસ્લામે તિજારતના એક એક ભાગના સાફ સાફ હુકમો આપ્યા છે અને બતાવ્યું કે જાઈઝ શું છે અને શું નાજાઈઝ છે, આપણે વેપાર કેવી રીતે કરવો જોઈએ ? સાંભળો !...

## ★ સૌથી ખરાબ વેપારી ★

કહે છે કે મદીના શહેરની માર્કેટમાં સોદાનો અવાજ આવી રહ્યો

હતો. કોઈ સબ્જી વેચી રહ્યું હતું, કોઈ ફળ વેચી રહ્યું હતું. એક તરફ અનાજના વેપારી હતા. એક વેપારીની સામે ઘઉંનો ઢગલો હતો. ઘઉં સાફ અને સારા હતા. ખરીદારની નજર પડી તો તેને થયું કે ઘઉંનો સોદો કરે. તે સમયે મદીનામાં ઈસ્લામી સલ્તનત ક઼ાયમ થઈ ગઈ હતી. આ હિ.સ. ૭ની વાત છે. સરવરે આલમ ﷺ ત્યારે સલ્તનતના પ્રબંધક હતા. એક દિવસ આપ મદીનાના બજાર તરફ ચાલી નીકળ્યા, સાથે હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ પણ હતા. જ્યારે આપ મદીનાના બજારમાં પહોંચ્યા તો બધેથી પસાર થતા થતા આપ તે જગા થોભી ગયા જ્યાં ઘઉંનો ઢગલો હતો. તે વેપારી બજારમાં જે ભાવ સારા ઘઉંનો હતો તે જ ભાવથી પોતાના ઘઉં વેચી રહ્યો હતો. કિંમત ઠીક હતી જેથી વાંધો ઉઠાવવાની કોઈ જરૂરત ન હતી. નબી કરીમ ﷺ તે ઘઉંના ઢગલા પાસે બેસી ગયા અને તેમાં હાથ નાખીને નીચેના ઘઉં ઉપર લઈ આવ્યા તો બે વાતો સામે આવી, એક તો એ કે નીચે તૂટેલા ઘઉં અને ખરાબ ઘઉં રાખેલા હતા જેની કિંમત નિશ્ચિત રૂપે ઓછી હતી, આ મિલાવટ હતી. બીજી વાત એ જાહેર થઈ કે નીચેના ઘઉં ભીના હતા. ભીના એટલા માટે કરવામાં આવ્યા હતા કે તેનું વજન વધી જાય. અલ્લાહના રસૂલ ﷺએ પૂછયું, આ ઘઉં ભીના કેમ છે ? તો જવાબ મળ્યો વરસાદનું પાણી લાગી ગયું હતું. ફર્માવ્યું, તેં આ ભીના ઘઉંને ઉપર કેમ ન કર્યા જેથી ખરીદાર જોઈ લેતો અને સૂકાઈ પણ જતા. આ ફર્માવીને આપ ખૂબ જ નારાજ થઈ ત્યાંથી ઉભા થયા અને ફર્માવ્યું, "ખુદાની ક઼સમ ! તે અમારામાંથી નથી જે આ રીતનો ધોકો કરીને કમાઈ કરે. ધોકાની કમાઈ હરામ છે, હરામ છે !"

આ હદીષથી જાણવા મળ્યું કે મિલાવટ અને ધોકાનો વેપાર અને કમાઈ હરામ છે. પોતાના માલનો ઐબ છુપો રાખીને વેચવાવાળા, ઉચિત કિંમત લઈને ખરાબ માલ આપનારા, ધોકાથી કામ

લેવાવાળા, મોંઘા ભાવે વેચવાવાળા વાસ્તવમાં પોતાના ઈમાનને વેચી રહ્યા છે. અફસોસ કે એક તુચ્છ ફાયદા માટે આવા લોકો આખેરતને તબાહ અને બર્બાદ કરી રહ્યા છે !

## ★ મિલાવટ કરનારાઓનો અંજામ ★

રિવાયતમાં છે કે હાજીઓના એક કાફલામાં એક માણસનું મૃત્યુ થઈ ગયું. તેઓમાંથી એક વ્યક્તિ હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہما ની પાસે આવ્યો અને કહેવા લાગ્યો, અમો હજ્જ માટે આવ્યા છીએ અને રસ્તામાં અમારો એક માણસ મૃત્યુ પામી ગયો અને તેના માટે ક઼બર ખોદી તો તેમાં એક ખૌફનાક કાળો સાપ બેઠેલા જોયો, તો અમે તે જગા છોડી દીધી અને બીજી જગાએ ક઼બર ખોદી, તો તેમાં પણ તે જ સાપ નજર આવ્યો. પછી અમે ત્રીજી ક઼બર ખોદી તો તેમાં પણ એ જ સાપ જોયો, તો અમો હૈરાન થઈ ગયા અને તમારી પાસે આવ્યા કે હવે શું કરીએ કે આ ખતરનાક સાપથી છૂટકારો મળે ?!

આ સાંભળી હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું, તમે સાપની પાસે જ દફન કરી દો. ખુદાની ક઼સમ ! જો તમે આખી જમીન તેના માટે ખોદી નાખશો તો પણ તે સાપ તમને જરૂર નજર આવશે. જેથી તેમણે તેના માટે એક ક઼બર ખોદી અને સાપ પાસે જ તેને દફન કરી દીધો. અને પરત ફરતાં તેની પત્નીથી તેનું ચરિત્ર પૂછયું તો ખબર પડી કે તે આટાનો સોદાગર હતો, આટા અને ખાવા પીવાની વસ્તુમાં મિલાવટ કરતો હતો. આટામાં લાકડાનું ભૂસુ નાખીને વેચતો હતો. હું સમજી ગયો કે આથી જ આ અઝાબે ઈલાહી છે જે તેના પર નાખવામાં આવ્યો છે.

## ★ પહેલાં વ્યાપારના નિયમો શીખો ★

હઝરત ઈમામ માલિક رضی اللہ عنہ ખૂબ જ મહાન મુહદ્દિષ હતા. જયારે

રાજ્યનો કોઈ હાકિમ અથવા ઈસ્લામી હુકૂમતનો કોઈ હોદ્દેદાર આપથી મુલાકાત માટે જતા તો આપ તેમનાથી કહેતા કે શહેરના દરેક વેપારીઓને ભેગા કરો. જ્યારે આ લોકો ભેગા થઈ જતા તો તેમનાથી વેપારને લગતા એહકામ પૂછતા. વજન વિશે, નફા વિશે, માલ ભેગો કરવાના વિશે. પછી પૂછતા કે ખામીવાળો અને ઐબદાર માલ વેચવાની શું સજા છે ? જૂઠી ક઼સમ ખાઈને માલ વેચવાથી કેમ રોકવામાં આવ્યા છે ? ગ્રાહકને પરેશાન કરવા અથવા ધોકો આપવા પર શું અઝાબ છે ? માલ મોંઘો કરીને વેચવાથી કેમ રોકવામાં આવ્યા છે ? માલને છુપો રાખીને કિંમત વધારવા પર ક઼યામતમાં કેવી રીતે પકડ થશે ? જો માપતોલ ઝુકતુ ન રાખવામાં આવે તો અલ્લાહ અને રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَની નારાઝગી કેવી હોય છે ? જ્યારે કોઈ વેપારીને આ એહકામ ખબર ન રહેતા અથવા તે હલાલ અને હરામની વચ્ચે ફર્ક ન કરી શકતો તો આપ ફર્માવતા, "તેને બજારમાંથી કાઢી નાખો !" તે એના પાત્ર નથી કે તિજારત (વેપાર) કરી શકે. પછી ફર્માવતા, જનાબ ! પહેલાં ખરીદી અને વેચાણના વિશે અલ્લાહ અને તેના રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَના એહકામ માલૂમ કરો, પછી બજારમાં બેસો ! જે એહકામ જાણ્યા વગર તિજારત કરે છે અને લૂટ મચાવે છે સમજી લો કે ક઼યામતમાં તેની ખૂબ જ સખ્ત રીતે પૂછતાછ થશે અને તે સખ્ત અઝાબમાં સપડાય જશે. આ જ કારણે હઝરત ઉમર ફારૂક઼ે આ'ઝમ رَضِیَ اللّٰهُ عَنْهُએ પોતાના શાસનકાળમાં માત્ર ઓલમાને તિજારતની ઈજાઝત આપી હતી અને મદીનાના બજાર પર ઓલમા જ કબ્જો ધરાવતા હતા.

તિજારતમાં ઈમાનદારી અને દયાનત મહત્વપૂર્ણ ચીજ છે, જે તેની મહત્તાને નથી સમજતો તે શૈતાનની જાળમાં એવો ફસાય છે કે મરીને પણ છૂટકારો નથી મેળવતો. અહીં વાત સારા તાજિરોની નથી પરંતુ

ખરાબ તાજિરોની કરી રહ્યો છું. દરેક વેપારી જૂઠો અને ખરાબ નથી હોતો. કેટલાક અલ્લાહથી ડરવાવાળા અને તેના બંદાઓનો ખયાલ કરવાવાળા પણ હોય છે. તબક઼ાતે ઈબ્ને સઅદમાં છે કે એક વખત મોહદ્દિષ અલ્લામા મુહમ્મદ બિન શીરીં رحمۃ اللہ علیہ એ અનાજ ખરીદયું. થોડીવાર પછી આપ તેને બજારમાં વેચવા માટે લઈ ગયા તો જોયું કે બજારમાં કાંઈક એવો ઉછાળો વાગ્યો કે તેમને તે સૌદામાં ૮૦ હજારનો ફાયદો થયો, તેમણે ફાયદાની પૂરી રકમ છોડી દીધી. લોકોએ કહ્યું, હઝરત આપ આ શું ગજબ કરી રહ્યા છો ?! ફર્માવ્યું, શું તમારી નજરમાં નફાની આ કિંમત ખૂબ જ વધારે નથી ? જવાબ મળ્યો, હા છે ! ખૂબ જ છે. ફર્માવ્યું, મારા દિલમાં એ શંકા પેદા થઈ કે આ નફો નથી પરંતું વ્યાજ છે, લૂંટ છે. ઈસ્લામે આવી નફાખોરીથી મના કર્યું છે. અને કહ્યું છે કે સોદો સસ્તો કરીને મખ્લૂક઼ને રાહત આપો.

ભાઈઓ ! આપણા બુઝુર્ગોનો આ તરીક઼ો આપણા માટે માર્ગદર્શક છે. અફસોસ કે આપણે માત્ર નામના મુસલમાન છીએ. ગૈરોની ચોરબજારી, મિલાવટ અને નફાખોરીને જોઈને આપણે પણ એ જ રસ્તે ચાલવા લાગ્યા છીએ. પોતાના ગરેવાનમાં મોઢું નાખીને સોચો ! આજે લાખો કરોડો વેપારીઓ અને તાજિરોમાં કેટલા લોકો છે જે તિજારતના ઈસ્લામી ઉસૂલ (તરીક઼ાઓ) જાણે છે ? શું અત્યાર સુધી સમય નથી આવ્યો કે આ લોકો જાગૃત થાય ?! છેવટે વેપારી કારીગર અને માલદાર પણ મુસલમાન તો છે જ. મૃત્યુ પછી તેમણે અલ્લાહની સમક્ષ જવાબ આપવાનો છે. પાઈ પાઈનો, એક એક શ્વાસનો દરેકે હિસાબ આપવાનો છે. ક્યાં સુધી ઈન્સાન અલ્લાહ અને તેના રસૂલના એહકામથી મોઢું ફેરવશે ? યાદ રાખો ! માલની હવસ એક અઝાબ છે. આનાથી બચવા માટે ઈમાનની મજબૂત દીવાલોની જરૂરત છે.

હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર અને હઝરત અબ્દુલ્લાહ બિન

અબ્બાસ رضی اللہ عنہ થી રિવાયત છે કે જે તાજિરે (વેપારીએ) એક રાત પણ એવી તમન્ના કરી કે માલ મોંઘો થઈ જાય અને મારા એકત્ર કરેલ માલની કિંમત વધી જાય તો **અલ્લાહ તઆલા તેના ચાલીસ વર્ષના નેક અમલો બેકાર કરી દે છે.** ફર્માને નબવી છે કે જેણે ખાવા પીવાની વસ્તુને ચાલીસ દિવસ પણ ભંડાર કર્યો તો તે વ્યક્તિ અલ્લાહથી બે તઅલ્લુક છે, અને અલ્લાહને તેનાથી કોઈ સંબંધ નથી.

હવે તમો જરા વિચારો કે જેનાથી અલ્લાહ બે તઅલ્લુક થઈ જાય તે બદબખ્તનું ઠેકાણુ ક્યાં હશે ? એ પણ બતાવી દઉં કે દોઝખના કેટલાક તબક઼ા જેમ કે દુનિયાની જેલોમાં અપરાધના પ્રમાણે કઠિનતા છે એ જ રીતે આખેરતમાં પણ ગુનાહના પ્રમાણે ગુનેહગારો માટે દોઝખના તબક઼ા નિયુક્ત છે.

## ★ વેપારના નિયમો ★

વ્યાપારના નિયમોમાંથી એક નિયમ એ પણ છે કે ગ્રાહક દુકાને આવે તો તેનાથી ચિડાઈને વાત ન કરે, તેને ટોણા ન મારે કે તું શું ખરીદશે ! આવી દરેક રીતની બદઅખ્લાક઼ીમાં ગણના થાય છે અને વ્યાપારના તરીક઼ાના વિરૂદ્ધ છે. આનાથી ગ્રાહકના દિલને તકલીફ પહોંચે છે અને કારોબારી તૂટી જાય છે. કેટલાક વેપારીઓ આવું કરે છે અને પરસ્પર એક બીજાને કહે છે કે આ શું ખરીદશે ? આ સમય બર્બાદ કરશે ! આ કહેવું તો ખૂબ જ સરળ છે પણ તેઓ એવું નથી વિચારતા કે એક તો તેઓ બદઅખ્લાક઼ીમાં સપડાય છે, બીજું જૂઠ બોલવાનો ગુનોહ પોતાના માથે લે છે. ત્રીજું આવું કહીને ગ્રાહકનું દિલ તોડે છે જે ગુનાહમાં સામેલ છે. વેપારી માટે ગ્રાહકનું આવવું રિઝક઼નું આવવું છે, જેથી આવી વાતો કરીને ગ્રાહકને પાછું મોકલવું રિઝક઼ે ઈલાહીની બરકતને લાત મારવું છે. ગ્રાહક દુકાને આવે છે તો મેહમાન હોય છે. મેહમાનને ખુશીથી આવકાર આપવો જોઈએ. નાક,

ભવાં ચડાવીને, મોઢું ન આપવું, ટોણા મહેણાં મારવાથી અલ્લાહ નારાજ થાય છે. કુર્આનમાં અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે જેનો તર્જુમો એ છે કે, ખબરદાર ! કોઈનાથી બેરૂખી ન વર્તો અને તે વ્યક્તિથી મોઢું ફેરવવું જે રિઝક઼ની બરકતોને લાવે છે પોતાના પગે જાતે જ કુહાડી મારવું છે.

## ★ માલની ખામી ગ્રાહક પર સ્પષ્ટ કરો ★

કોઈ માલમાં જો કોઈ પ્રકારની ખામી છે તો તેને સ્પષ્ટ કરવું જરૂરી છે. તે ખામી પર પડદો નાખવું હરામ છે અને ગુનાહે ક઼બીરા છે. હઝરત આમિર رضی اللہ عنہ થી રિવાયત છે. હુઝૂર નબી કરીમ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું કે જે વ્યક્તિ કોઈ વસ્તુ કે ચીજ વેચે જેમાં ખામી હોય તો જ્યાં સુધી તે ખામીને ગ્રાહક સામે જાહેર ન કરી દે ત્યાં સુધી તેને વેચવું હલાલ નથી.

એક બુઝુર્ગ જેમનું નામ હઝરત યૂનુસ બિન ઉબૈદ છે તે ચાદરો અને ઓઢણીઓ વેચ્યા કરતા હતા. જ્યારે પણ વાદળ છવાઈ જતું અથવા અંધારું થઈ જતું તો આપ પોતાની દુકાન બંધ કરી દેતા. આપના સાથીઓએ પૂછયું તો ફર્માવ્યું, વાદળ હોય અથવા અંધારું હોય તો ગ્રાહકને માલની ખામી દેખાતી નથી, જ્યારે કે હુઝૂર صلی اللہ علیہ وسلم નો આદેશ છે કે જો ગ્રાહકને માલની ખામી નહીં બતાવશો તો એ ધોકો થશે, અને ધોકાની કમાઈ હરામ છે. ફર્માને નબવી છે : ખરીદારને, ગ્રાહકને ખુશ કરવા માટે પોતાના માલની તારીફ ન કર્યા કરો, પરંતુ ચૂપચાપ ખામોશ રહીને વેચો. એવું કહેવાનો પણ હુકમ નથી કે, "સસ્તી અને ખૂબસૂરત વસ્તુ છે, એવી સસ્તી અને સારી વસ્તુ ખુદાની ક઼સમ ! નહીં મળશે." જે લોકો ક઼સમો ખાઈને ખામીવાળો માલ વેચે છે તેમને સખ્તીથી રોકવામાં આવ્યા છે.

આજે જ્યારે આપણે આપણા બજારોમાં નજર દોડાવીએ છીએ તો ખૂબ જ એવાં એવાં દશ્યો જોઈએ છીએ કે લોકો મિલાવટ ચોરબજારી અને બેઈમાની કરીને ખુશ થાય છે, અફસોસ નથી કરતા, એટલા માટે કે આપણી જિંદગી જ નિરાલી છે. ધોકો આપવાવાળો જરા પણ નથી શરમાતો, પરંતું ખુશ થાય છે. ખૂબ જ ફખ્રથી કહે છે, "ધંધો છે ભાઈ ! એમાં તો એવું જ ચાલે !" ધોકો ખાવાવાળો પણ કાંઈક નથી કહેતો, એટલા માટે કે તે પણ પોતાની જિંદગીમાં આવું જ કરે છે, કોઈ બીજાને ધોકો આપે છે અને ફખ્રથી કહે છે, **બાબા ! સબ ચલતા હૈ** ! વ્યાપાર, રાજકરણ અને મહોબ્બતમાં બધું જ જાઈઝ છે ! બાપ ભલા ન ભૈયા સબસે બડા રૂપૈયા !

## ★ આવા વેપારીઓથી ઈસ્લામ પણ ફેલાયો ! ★

ઈબ્ને ખરીફ નામના એક બુઝુર્ગ હતા. દુકાન પર બેસીને કપડાં વેચી રહ્યા હતા. એવામાં નમાઝનો સમય થઈ ગયો. નોકરને બેસાડીને આપ નમાઝ અદા કરવા માટે મસ્જિદમાં ચાલ્યા ગયા. જ્યારે નમાઝ પઢીને દુકાને આવ્યા તો નોકરે થોડા રૂપિયા તેમને આપ્યા અને તેમને કહ્યું કે શેઠ ! આ કપડુ વેચાઈ ગયું છે અને આ તેની કિંમત છે. ઈબ્ને ખરીફે પૂછયું, આ કપડુ કોને વેચ્યું ? તેણે બતાવ્યું કે કોઈ મુસાફિર હતો. વાતચીતથી જણાતું હતું કે અહીં નવો નવો આવેલ છે. કદાચ ફારસ અથવા ઈરાક઼નો રહેવાસી છે. આપે પૂછયું, જે કપડુ તેં તેના હાથે વેચ્યું તે કપડાની ખામી પણ તેને બતાવી દીધી હતી ? તેણે કહ્યું નહીં ! મારાથી ભૂલ થઈ ગઈ, મેં નથી બતાવ્યું. હઝરત ઈબ્ને ખરીફ رضی اللہ عنہ એ કહ્યું, મસ્જિદે જતા સમયે મેં તને એક એક વાત સંપૂર્ણ વર્ણન સાથે બતાવી હતી, ત્યાં સુધી કે ફલાણુ ફલાણુ કપડુ જેમાં દાગ અને ખામીઓ હતી તે કપડાં પણ કાઢી કાઢીને બતાવ્યાં હતાં પરંતું તેં ગ્રાહકને કાપડની ખામી ન બતાવી ! નોકર માફી માગવા લાગ્યો અને

કહ્યું, મારાથી ખૂબ જ મોટી ભૂલ થઈ ગઈ. ફર્માવ્યું, મારી સાથે ચાલ અને તે વ્યક્તિ સાથે મુલાકાત કરાવ. બંને મળીને પૂછતા પૂછતા તે અજમી મુસાફિરના ઠેકાણે પહોંચ્યા તો જાણવા મળ્યું કે તે હાજીઓના એક કાફલા સાથે મક્કા મોઅઝ્ઝમા તરફ રવાના થઈ ગયો છે. હવે તો આ બુઝુર્ગ વેપારીની દુર્દશા થઈ ગઈ ! તેમણે કહ્યું, જાલિમ ! તેં મને ક્યાંયનો પણ ન રાખ્યો ! હવે જોઈ શું રહ્યો છે ? જલ્દી કર એક ઝડપી ઘોડો લઈને આવ અને મને તે વ્યક્તિનો દેખાવ બતાવ ! જેથી હું તેને શોધી શકું.

ભાઈઓ ! આજે આ વાતો કિસ્સા કહાનીઓની જેમ લાગે છે પણ મોમિનનો કિરદાર આ જ હોય છે, તે અલ્લાહના બંદાએ ઘોડો ઝપડથી દોડાવ્યો અને કાફલાને પકડી લીધો અને તે વ્યક્તિને ઓળખીને કહ્યું, કાલે ફલાણુ કપડુ એક આદમીથી તમે ખરીદયું હતું ? તેણે કહ્યું, હા ! પૂછયું, તે કપડુ તમારી પાસે છે ? જવાબ આપ્યો, હા છે. બોલ્યા, કાઢી લાવો ! અજમીએ કહ્યું, કેમ ? તે ઈમાનદાર વેપારીએ કહ્યું, ભાઈ ! તે કપડામાં કાંઈક ખામી છે જે મારા નોકરે નથી બતાવી. અજમી મુસાફિર કપડુ કાઢી લાવ્યો તો ખરેખર તેમાં દાગ અને નુકસાન થયેલું હતું. મુસાફિર ક્યારેક દાગને જોતો અને ક્યારેક વેપારીને જોતો. આખરે તેનાથી રહેવાયું નહીં તો બોલ્યો, જે દીનાર મેં આપ્યા હતા તે તમારી પાસે છે ? વેપારીએ કહ્યું, હા ! છે, આ લો. મુસાફિરે દીનાર લઈ લીધા અને લાંબા સમય સુધી જોતો રહ્યો પછી તેને ફેંકી દીધા અને એટલા જ દીનાર વધુ આપ્યા. વેપારીએ કહ્યું, આ શું કર્યું ? કહ્યું, તમારા કાપડની કિંમત છે. મને આ જ કિંમતે આ દાગદાર કપડું ક઼બૂલ છે. વેપારીએ કહ્યું, તે દીનાર તમે કેમ ફેંકી દીધા ? બોલ્યો, તે નકલી હતા ! **હું મુસલમાન નથી પણ તમારી ઈમાનદારી અને ખુદાનો ખૌફ જોઈને મારું પણ ઝમીર જાગૃત થઈ ગયું, મને**

**કાપડ નહીં પરંતું ઈમાન જોઈએ છે ! આટલું કહી કલ્મો પઢી મુસલમાન થઈ ગયો.** આ છે એક સાચા વેપારીનો કિરદાર અને તેનું ઈમાન ! જ્યારે આજે એવું કહેવામાં આવે છે કે જ્યાં સુધી ધોકો ન આપો, જૂઠુ ન બોલો ધંધો જ નથી થતો. બતાવો ! તમારાથી કોણ પ્રભાવિત થશે ?! યાદ રાખો ! ઈસ્લામ કિરદારનું નામ છે. પહેલાં લોકો ઈસ્લામને નહીં પરંતું મુસલમાનને જોતા હતા, તેના કિરદાર અને અમલને જોતા હતા, તેના પાકીઝા અખ્લાક઼ અને ઈમાનદારીને જોતા હતા અને કલ્મો પઢીને મુસલમાન થઈ જતા હતા. આજે મુસલમાનોનો કિરદાર અને અખ્લાક઼ એટલો બગડી ગયો છે કે ગૈર ક઼ૌમો આપણાથી નફરત કરે છે.

## ★ હરામ કમાણી ખાવાથી દુઆ ક઼બૂલ નથી થતી ★

રસૂલુલ્લાહ ﷺનું ફર્માન છે કે એક વ્યક્તિ ખૂબ જ દૂરનો સફર ખેડીને હજ્જ કરવા માટે આવે છે, એ સ્થિતિમાં કે તેનું આખુ શરીર ધૂળથી લથપથ છે. તે પોતાના બંને હાથ આસ્માન તરફ ફેલાવીને કહે છે, હે મારા રબ ! અને દુઆઓ માંગે છે. જ્યારે કે તેના પેટમાં હરામ લુકમો છે, તેના પેટમાં હરામ પાણી છે, તેનો પહેરવેશ હરામનો છે, અને હરામ પર જ તે ઉછરેલો છે, તો **આવા વ્યક્તિની દુઆ કેમ કરીને ક઼બૂલ થઈ શકે છે ?!**

રિવાયતમાં છે કે હઝરત મૂસા عليه السلام એક વ્યક્તિની પાસેથી પસાર થયા જે દુઆ કરતો હતો અને રડી કરગરીને દુઆ કરતો હતો. આ જોઈને હઝરત મૂસા عليه السلامએ કહ્યું, હે મૌલા ! જો મારી પાસે એની હાજત, જરૂરત પૂરી થતી તો હું પૂરી કરી દેતો. અલ્લાહ તઆલાએ હઝરત મૂસા عليه السلامની પાસે વહી મોકલી કે હે મારા પયગમ્બર મૂસા ! હું તમારાથી વધુ તેના પર રહમ કરનાર છું. **હે મૂસા ! આ દુઆ માટે હાથ એટલા ઉઠાવે કે તેના હાથ આસ્માન સુધી પહોંચી**

**જાય તો પણ તેની દુઆ ક઼બૂલ નહીં કરું, કેમ કે તેના પેટમાં હરામનો લુકમો પડેલો છે અને હું કોઈ એવા બંદાની દુઆ ક઼બૂલ નથી કરતો જેનું ખાવું પીવું હરામનું હોય.**

ભાઈઓ ! હરામ ખાવાથી દિલ કાળુ થઈ જાય છે. જીભનો અસર બાકી નથી રહેતો. દુઆની ક઼બૂલિયતના સર્વે દરવાજા બંધ થઈ જાય છે, જેથી આપણને હલાલ અને પાકીઝા રોજી ખાવાનો સખ્ત તાક઼ીદ સાથે આદેશ આપવામાં આવ્યો છે. બુખારી શરીફમાં છે કે એક સમય એવો આવશે જેમાં આદમી એ વાતની પરવા નહીં કરે કે તેણે જે કાંઈ ખાધું છે તે હલાલનું છે કે હરામનું. આજકાલ લોકોની જે વિચારસરણી છે તે સાફ બતાવે છે કે આ ભવિષ્યવાળી બિલ્કુલ સાચી છે, આજે લોકોનો દષ્ટિકોણ અને ખયાલ એ છે કે :–

**કહાં કા હલાલ ઔર કહાં કા હરામ !**
**જો સાહબ ખિલાએ વો ચટ કિજીએ !**

## ★ વેપારના બે નિયમ ★

એક વખત હુઝૂર ﷺ ઉમરા કરવા માટે મક્કા મુકર્રમા તશરીફ લાવ્યા. આપની સાથે સહાબાએ કિરામ પણ હતા. એક સહાબિયા જેમનું નામ હઝરત ક઼ૈલા رضی اللہ عنہا હતું તે આપની ખિદમતમાં હાજર થયાં અને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ હું વેપાર કરું છું. જ્યારે મને કોઈ વસ્તુ ખરીદવી હોય છે તો હું વેચવાવાળાને તેની કિંમત ખૂબ જ ઓછી બતાવું છું અને પછી વધારી વધારીને જેટલામાં ખરીદવા ચાહું છું તે કિંમત પર આવી જાઉં છું. એ જ રીતે જ્યારે કોઈ ચીજ વેચું છું તો હું ખૂબ જ કિંમત વધારીને કહું છું પછી જેટલામાં વેચવાનો ઈરાદો હોય છે ઓછું કરતાં કરતાં તેના પર આવી જાઉં છું. વેપારનો મારો આ તરીક઼ો ઠીક છે કે નથી ? ફર્માવ્યું, ક઼ૈલા ! આ તરીક઼ો બરાબર

નથી, જે વસ્તુ જેટલામાં વેચવી છે એટલી જ કિંમત બતાવો. લેવાવાળાની મરજી હશે તો લેશે નહીં તો નહીં લે. જે ચીજ ખરીદો તેની પણ એક જ કિંમત કહી દો. આ સાંભળી હઝરત કૈલા رضی اللہ عنہا જ્યારે ત્યાંથી પરત થયાં તો જ્યાં સુધી જીવંત રહ્યાં એક કિંમત અને એક વાત કહેનાર બનીને પાબંદ રહ્યાં. આમાં ન તેમને બક બક ન ઝક ઝક કરવી પડતી હતી. ન ગ્રાહક મનોમન ભયભીત થતો કે નહીં છોડાવીશ તો મને ઠગી લેવામાં આવશે. હઝરત કૈલાએ આ તરીકો પકડી રાખ્યો તો ધીરે ધીરે અલ્લાહ તઆલાએ તેમના વેપારમાં બરકત અતા ફર્માવી અને વેપારમાં વધારો પણ થયો.

જૂઠી કસમો ખાઈને માલ વેચવો ગુનાહે કબીરા છે. બુખારી શરીફની રિવાયત છે કે એક વ્યક્તિએ માલ બજારમાં મૂકયો અને અલ્લાહની કસમ ખાધી કે મને આટલી કિંમત આની મળી રહી છે. જ્યારે કે તેને એટલી કિંમત ન મળતી હતી. પણ કસમ તેણે એટલા માટે ખાધી કે ગ્રાહકને ફસાવી લે. ઈર્શાદે નબવી છે કે અલ્લાહ ક્યારેય આવા લોકોની તરફ માફી અને રહમતની નજરથી નહીં જુએ. કયામતમાં તેમનો હશ્ર ભયાનક હશે અને આવા લોકો મારી શફાઅતથી મેહરૂમ કરી દેવામાં આવશે.

### ★ ખોટા સિક્કા ★

હુજ્જતુલ ઈસ્લામ અલ્લામા મુહમ્મદ ગઝાલી رحمۃ اللہ علیہ પોતાની કિતાબ અહયાઉલ ઉલૂમમાં એક બનાવ નકલ ફર્માવે છે. આ બનાવ એક અલ્લાહવાળાનો છે જેનું નામ હઝરત અબ્દુલ્લાહ હતું. જે મુલ્કે શામના કોઈ શહેરના રહેવાસી હતા. લોકોના કપડાં સીવતા અને રોજી કમાતા હતા. પુષ્કળ લોકો તેમની પાસે કપડાં સીવડાવવા આવતા, તેઓ પૈકી એક મજૂસી પણ હતો જે ખૂબ જ બદમાશ હતો. લોકોને ધોકો આપવું તેની આદત હતી. કેટલાક લોકો હોય છે જે

રૂપિયા પૈસા કમાવા માટે દરેક જાઈઝ નાજાઈઝ તરીક઼ાનો ઉપયોગ કરે છે. જ્યારે કોઈને ધોકો આપે છે તો દિલમાં ખુશી અનુભવે છે કે ફલાણાને ખૂબ જ ઉલ્લુ બનાવ્યો ! આ લોકો ખરાબ અને ખામીવાળો માલ ભેળસેળ સાથે વેચે છે અને સૌથી સારા માલની કિંમત લે છે, જ્યારે કે જો ઈસ્લામી દષ્ટિકોણથી જોવામાં આવે તો તેમની આ નીચ હરકતો અખ્લાક઼ી અને શરઈ તરીક઼ાઓથી હટીને છે. તેમના આ દષ્ટિકોણ શરીઅતના વિરૂદ્ધ છે. નામ બિસ્મિલ્લાહ અને કામ જુઓ તો નઊઝુબિલ્લાહ ! ન અખ્લાક઼ મુસલમાની ન સુરત, અને સીરત મુસલમાની ન અમલ અને કિરદાર મુસલમાની, ન દિલમાં ખુદાનો ખૌફ અને ન તો શરમે નબી, ન ઈલ્મ અને અમલની લાગણી, ન મહેનત અને શ્રમનો જઝબો. ખૂબ જ ધ્યાનથી જુઓ તો એવું સમજાય છે કે બસ લૂટફાટ પર જિંદગીનો આશરો છે, બેઈમાની જીવનનો હેતુ છે. દુકાનદાર ગ્રાહકને ધોકો આપે છે, દવા વેચવાવાળો લોકોને દગો આપે છે, ખાવા પીવાની ચીજોમાં મિલાવટ જ મિલાવટ નજરે આવે છે. કચેરી અને ઓફિસોના કારકૂનો લોકોથી લાંચ લેતા નજરે પડે છે. બલ્કે બેઈમાની ધોકાબાજી અને લૂટફાટની પરંપરા જે સતત અને નિરંતર ચાલી રહી છે, ન દૂધમાં પાણી મિલાવવાવાળા શરમ અનુભવે છે, ન તો લાંચ રિશ્વત લેવાવાળાને દુનિયાની પરવા, લીડરો પ્રજાને બેવકૂફ બનાવી રહ્યા છે, દરેક પોત પોતાની રોટલી શેકી રહ્યા છે, બસ ! તેમની રોટલી શેકાઈ જવી જોઈએ.

યાદ રાખો ! કોઈ પણ કૌ઼મ દુનિયામાં ત્યાં સુધી ઉચ્ચતા નથી મેળવી શકતી જ્યાં સુધી તેના અખ્લાક઼ બેહતરથી બેહતર ન હોય. અખ્લાક઼ની કક્ષા બેહતર હશે તો સામાજિક ખુશીઓ પણ હશે અને સમાજ સુધારણા પણ, નહીં તો જે કૌ઼મના સભ્યો જૂઠા, ખરાબ પારસ્પરિક લૂટી રહ્યા હોય તે કૌ઼મ બે ભાગમાં વહેંચાઈ શકે છે, પણ આગળ

નથી આવી શકતી.

**કુવ્વતે ફિક્રો અમલ પહલે ફના હોતી હૈ**
**તબ કિસી કૌમ કી શૌકત પે ઝવાલ આતા હૈ**

હઝરત અબ્દુલ્લાહ સિલાઈ કરીને હલાલ રોજી કમાતા. સિલાઈના બદલામાં તે મજૂસી આપને ખોટા સિક્કા આપી જતો અને આપ તેને રાખી લેતા. એક દિવસ આકસ્મિક રીતે આપ દુકાને ન હતા. આપનો નોકર બેઠો હતો. તે મજૂસી આવ્યો, તેણે પોતાનાં કપડાં લઈને ખોટા સિક્કા આપ્યા. નોકરે કહ્યું, આને પરત લઈ લો આ ખોટા સિક્કા છે, નહીં ચાલે ! તે ધોકેબાઝે જોયું કે તે પકડાઈ ગયો તો સિક્કા બદલી દીધા. થોડીવાર પછી અબ્દુલ્લાહ પોતાની દુકાન પર આવ્યા. નોકરે કહ્યું, પેલો મજૂસી આવ્યો હતો તે પોતાના કપડાં લઈ ગયો છે. હઝરત અબૂ અબ્દુલ્લાહે રૂપિયાની થેલી ઉલ્ટાવીને જોઈ તો તેમાં કોઈ ખોટો સિક્કો ન હતો. નોકરથી પૂછયું, તેણે સિલાઈ નથી આપી ? નોકરે કહ્યું, આપી છે શેઠ ! ખૂબ જ ધોકેબાઝ અને ચતૂર છે, તે ખોટા સિક્કા આપતો હતો પણ મેં તેને પાછા આપી દીધા. બુઝુર્ગે કહ્યું, કાશ ! તું ખોટા સિક્કા લઈ લેતો તો સારું હતું ! નોકર અચંબામાં પડી ગયો અને બોલ્યો, આ તમે શું કહી રહ્યા છો ?! કહ્યું, હા ! હું ઠીક કહી રહ્યો છું. વરસોથી હું તેની પાસેથી ખોટા સિક્કા લેતો આવ્યો છું. મેં ક્યારેય તેનાથી ફરિયાદ નથી કરી, તું પણ ખોટા સિક્કા લઈ લેતો તો સારું હતું. નોકરે ફરી આશ્ચર્યભરી નજરોથી બુઝુર્ગ તરફ જોયું અને પૂછયું, ખોટા સિક્કા લઈ લેતો તો સારું થાત એવું કેમ ? ફર્માવ્યું, એટલા માટે કે હવે તે ખોટા સિક્કા બીજા કોઈને આપવાની કોશિશ કરશે. હું સિલાઈના બદલામાં ચૂપચાપ લઈને તેને ઊંડા કૂવામાં ફેંકી દેતો હતો કે ધોકો આપવાની આ પરંપરાનો અંત આવી જાય.

અલ્લાહ ! અલ્લાહ ! શું ખૈર ખ્વાહીનો જઝબો હતો ! જાતે નુકસાનમાં પડવાનું પસંદ કર્યું પણ પોતાના કોઈ ભાઈનું નુકસાન થતું જોવાનું પસંદ ન કર્યું. ફર્માને નબવી છે કે મુસલમાન જો મુસલમાનનો શુભેચ્છક ન હોય તો તે સંપૂર્ણ ઈમાનવાળો નથી.

**હલાલ રોટલી** : એક શખ્સ હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہની ખિદમતમાં હાજર થયો અને કહ્યું, હું ખૂબ જ મોટી ઉલઝનમાં છું. આપે પૂછયું, કઈ વાત છે ? કહ્યું, હું નમાઝ પઢતાં પઢતાં ગાફિલ થઈ જાઉં છું અથવા દિમાગ એવી વાતોમાં લાગી જાય છે કે યાદ જ નથી રહેતું કે મેં કેટલી રકઅતો પઢી છે, આપ કૃપા કરી કોઈ વાતનો આદેશ આપો કે મારી દરેક ઉલ્ઝનો દૂર થઈ જાય. આપે ફર્માવ્યું, હે ભાઈ ! તારા મોંને હરામથી અને કપડાંને નજાસતથી સાફ રાખ.

તમારી અને મારી વાત તો છોડો, અલ્લાહ તઆલાએ પોતાના પયગંબરોને પણ તાકીદ ફર્માવી કે પાકીઝા અને હલાલ ચીજો ખાવ. પાક રિઝ્ક અને હલાલ રોજીનું ઈસ્લામમાં ખૂબ જ મહત્વ છે. એક વખત હુઝૂર صلی اللہ علیہ وسلمએ ઈર્શાદ ફર્માવ્યો કે જો ઈબાદતને દસ ભાગોમાં વહેંચવામાં આવે તો તેના નવ ભાગ રિઝ્કે હલાલ ખાવા પીવામાં છે. હલાલ અને પાક રોજી કમાવવું અને ખાવા ખવડાવવું ઈબાદત છે. ફર્માને નબવી صلی اللہ علیہ وسلم છે કે, **"જે વ્યક્તિ હરામનો એક લુકમો ખાય છે તેની ચાલીસ દિવસ સુધી નમાઝ કબૂલ નથી થતી."** હરામ લુકમાનો અસર ચાલીસ દિવસ સુધી બાકી રહે છે તો અલ્લાહના બંદાઓએ સોચવું જોઈએ કે **જે લોકો રાત દિવસ હરામ ખાઈ છે તેનું પરિણામ શું હશે ?!** નબી કરીમ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે, "હરામ માલથી પેદા થવાવાળો ગોશ્ત જન્નતમાં પ્રવેશ નહીં પામે." જો હરામ માલથી બાળકોની પરવરિશ થઈ રહી છે અને બેગમ સાહિબા બની ઠની રહી છે તો આ વઈદ (ધમકી) પણ

સામે રાખી લો. જેથી આપણને હુકમ છે કે જ્યારે ઘરમાં કમાઈની રકમ આવે તો તેના જાઈઝ નાજાઈઝ હોવાના વિશે કમાનાર પતિને, બાપને, ભાઈને અને દિકરાને પૂછી લે, જો કમાઈ હલાલ ન હોય તો તેના ઉપયોગથી બચે. આપણા બુઝુર્ગોએ આ મામલામાં એવી એવી સાવધાની વર્તી છે કે શું કહીએ ! હઝરત ઉમર رضی اللہ عنہ એ ફર્માવ્યું, "સાવધાનીનો તક઼ાદો એ છે કે હલાલ અને શંકાસ્પદ વસ્તુઓથી પણ સિત્તેરવાર પરહેઝ કરો જેથી હરામ તરફ બિલકુલ ખયાલ ન જાય."

સાવધાનીનો આ પ્રકાર તો અલ્લાહવાળાઓનો છે, પણ દીનનો સામાન્ય હુકમ જે સૌના માટે છે તેનાથી મોઢું ફેરવનારનો શો અંજામ થશે જેઓ હરામ કમાય છે અને પોતાની પત્ની અને બાળકોને હરામ ખવડાવે છે ?! જેથી આપણે કારોબારમાં, ધંધા, વેપારમાં, લેણદેણમાં ખૂબ જ સાવધાની રાખવી જોઈએ, ક્યાંક એવું ન થાય કે હરામનું મિશ્રણ થઈ જાય જેનાથી આપણે દીનનું નુકસાન ઉઠાવવું પડે. આ અમુક સારી સલાહો જે તમારા સમક્ષ રજૂ કરી, બસ દુઆ છે કે અલ્લાહ સૌને હરામ કામોથી, હરામ ખાવાથી, હરામ પીવાથી બચાવે અને સૌને રિઝક઼ે હલાલ અતા ફર્માવે. (આમીન)



...પ્રકરણ : ૨

# મજૂરી, મહેનત અને અડગતા

વ્યાપારની મહત્તા અને આદાબનું પ્રકરણ પૂરુ થયું. હવે આવો મજૂરી મહેનત અને અડગતા પર કુર્આન અને હદીષોના પ્રકાશમાં વાત કરું. આ દુનિયામાં દરેક ઈન્સાન કોઈ ન કોઈ ધંધાથી જોડાયેલો હોય છે ભલે તે નોકરી હોય અથવા વેપાર, મજૂરી હોય અથવા અન્ય કોઈ ધંધો. દરેક ધંધાનો સંબંધ મહેનતથી જ છે, એ વાત અલગ છે કે કોઈમાં ઓછી અને કોઈમાં વધારે મહેનત છે. કોઈકમાં શારીરિક મહેનત છે તો કોઈમાં દિમાગી શક્તિ, પરંતુ મહેનત દરેક કામ તથા દરેક વસ્તુમાં છે. મનુષ્યને મહેનત વગર કાંઈક પ્રાપ્ત થતું નથી અને અલ્લાહ મહેનત કરવાવાળાનું મહેનતાણુ બેકાર નથી કરતો.

આ દુનિયા છે અહીં પોતાનું અસ્તિત્વ બાકી રાખવા મહેનત, શ્રમ અને મજૂરી કરવું જરૂરી અને લાઝિમ છે. જે લોકો મહેનત અને શ્રમથી ભાગે છે તેમનું અસ્તિત્વ બિલકુલ ભૂંસાઈ જાય છે. દુનિયાની દોડમાં એ જ વ્યક્તિ આગળ આવી શકે છે જેનામાં મક્કમતા, હિંમત અને ઉત્સાહનો જઝબો અત્યંત પ્રમાણમાં ઉપસ્થિત હોય. મહેનત અને લગનથી થયેલ દરેક કામની અસર જરૂર થાય છે. અને વાસ્તવિક્ત તો એ છે કે મહેનત મોભે ચઢીને બોલવાવાળો જાદૂ છે. ખૂબ જ સારી રીતે યાદ રાખો ! કિસ્મત ઈન્સાનને ખુશાલીના વાયદાઓમાં રાખે છે પરંતુ મહેનત અને લગન તેને ખુશહાલ કરી બતાવે છે. કેટલાક લોકો સુસ્તી વર્તે છે અને મહેનત કરવા નથી માંગતા અને પોતાની કિ઼સ્મત (નસીબ)ને ભાંડે છે અને કહે છે કે શું કરું મારા ભાગ્યમાં આ જ

લખેલું છે ! જ્યારે કે આ એક આરોપ છે જે અભણ લોકો તરફથી ખુદા પર લગાડવામાં આવે છે ! તે અભણને ખબર નથી કે તક્દીર તદ્‌બીર (ઉપાય)નું બીજુ નામ છે. માણસ માત્ર એટલું વિચારે કે મહેનત આપણા હાથમાં છે અને નસીબ ખુદાના હાથમાં. આપણે તો મહેનતથી કામ લેવું જોઈએ જે આપણા હાથોમાં છે. ઈન્સાન પોતાની મહેનતથી ઘણુ બધી બની શકે છે. (ઈન્શાઅલ્લાહ !) અલ્લાહ તબારક વ તઆલાએ દૌલત તેની મુઠ્ઠીમાં મૂકી દીધી છે, બસ ! મહેનત અને લગનની જરૂરત છે.

**ન શાખ ગુલ હી ઉંચા હૈ, ન દીવારેં ચમન બુલબુલ**
**તેરી હિમ્મત કી કોતાહી તેરી ક઼િસ્મત કી પસ્તી હૈ**

કહેવાય છે કે દુનિયામાં ત્રણ પ્રકારના માનવો હોય છે, એક તે જે વિચારતા જ રહે છે અને કરતા કાંઈ નથી, આવા લોકોથી કાંઈ બની નથી શક્તું. બીજા તે લોકો જે સમજ્યા વિચાર્યા વિના આમ તેમ હાથ પગ મારતા રહે છે, અને દરેક જગાએ મોઢાભેર પડે છે. આવા લોકો નિષ્ફળતા અને મહેરૂમીના શિકાર બને છે. અને ત્રીજા તે લોકો છે જેઓ વિચારે પણ છે અને કરે પણ છે. વાસ્તવમાં આ જ ખુશક઼િસ્મત આખરે માટીનું સોનુ બનાવી લે છે. માણસે જોઈએ કે જ્યારે પણ તે કોઈ કામ કરવાનું ઈચ્છે તો માત્ર વાતો જ ન બનાવતો રહે પરંતુ સોચે અને સોચીને કામ શરૂ કરી દે જરૂર ગૈબથી કાંઈક ન કાંઈક મદદ મળશે. કહેવત મશ્હૂર છે કે, *આગાઝ ઔર અંજામ આપસમેં મુસાફા કરતે હૈં.*

મહેનત અને મજૂરી કરવાથી માણસની ઈજ્જતમાં કોઈ ઘટાડો નથી થતો. આજે પુષ્કળ લોકો મજૂરીને પોતાના પદના વિરુદ્ધ સમજે છે. સુસ્ત, આળસુ પડયો પડયો સડી જાય છે, પોતાના શરીરને બેકાર બનાવી લે છે. સૂકુ લુખુ ખાઈને ગુજારો કરે છે. ઈસ્લામ કહે છે કે તમે

એવા કમજોર દિલ, હિમ્મતે મુર્દા અને એદી (આળસુ) લોકોનો સાથ છોડી દો, નહીં તો તેઓ તમને પણ બેકાર બનાવી દેશે. કહેવાય છે કે કામ કરનારને એક જ શૈતાન સતાવે છે, પરંતુ આળસુ અને એદી માણસને હજારો શૈતાન સતાવતા રહે છે. યાદ રાખો ! સુસ્તી અને એદીપણુ મુફલિસી અને બર્બાદીનું કારણ છે. જેથી સુસ્તી છોડી દો અને મહેનત અને મક્કમતાથી આગળ વધો. હલાલ ધંધો કરીને કમાવ, જાતે ખાવ અને બીજાઓને પણ ખવડાવો. સુસ્ત, એદી અને નકામુ બનીને જીવવું કોઈ જિંદગી નથી. જિંદગી તો એ છે જેમાં મક્કમ ઈરાદો હોય, ઉત્સાહ હોય, હિમ્મત હોય, મહેનત હોય, જઝબો હોય, શ્રમ હોય, જિંદગી સતત મહેનતનું નામ છે, મક્કમ ઈરાદા અને ઉત્સાહનું નામ છે, મહેનત અને શ્રમનું નામ છે, લગન અને જઝબાનું નામ છે.

**ઝિંદગી ઝિંદા દિલી કા નામ હૈ**
**મુર્દા દિલ ક્યા ખાક જિયા કરતે હૈં**

આ દુનિયા દારુલ અસ્બાબ (સબબોનું ઘર) છે. અહીં મહેનત અને કોશિશ જરૂરી છે. દુનિયાદારી બુરી વસ્તુ નથી બલ્કે દુનિયાપરસ્તી બુરી વસ્તુ છે જે ઈન્સાનને ખુદાથી ગાફેલ કરી દે છે. શું આપણા આકા ﷺ પાસે બીવીઓ ન હતી ? શું હુઝૂર ﷺની પાસે અવલાદ ન હતી ? શું આપ ﷺએ તિજારત નથી ફર્માવી ? શું સહાબાએ કિરામે મહેનત અને મજૂરી નથી કરી ? કોણ એવો અલ્લાહનો નબી, વલી અને બુઝુર્ગ બંદો ગુજર્યો છે જેણે મહેનત, મજૂરી અને કોશિશથી મોઢું ફેરવ્યું હોય ! બતાવો મને ? જ્યારે આ દરેક વાતોનો નકારમાં જવાબ છે તો પછી આપણે કેમ મહેનત અને મજૂરી અને શ્રમ, કોશિશથી જીવ છોડાવીએ ?! સુસ્ત અને એદી બનીને બેસી રહીએ. ફર્માને નબવી છે : "જેણે પોતાના બાળકો માટે મહેનત અને મજૂરી

કરી તે રાહે ખુદાનો મુજાહિદ છે."

## ★ સૌથી મોટો મુજાહિદ ★

અલ્લાહના રસૂલ ﷺ એક જગા તશરીફ ફર્મા હતા. અમુક સહાબાએ કિરામ પણ સાથે બેઠા હતા. એક સહાબી વારંવાર સામેથી પસાર થતા હતા. તેમનો વારંવાર પસાર થતા જોઈને સહાબાએ કિરામે નબી કરીમ ﷺનું ધ્યાન દોર્યું અને અર્ઝ કરી, હે અલ્લાહના રસૂલ ﷺ કાશ ! તેમની ભાગદોડ અલ્લાહની રાહમાં હોત તો કેટલું સારું હતું ! આ સાંભળીને નબી કરીમ ﷺએ ફર્માવ્યું, "જો તેનો હેતુ પોતાના બાળકોના ઉછેરનો છે અથવા વૃદ્ધ મા બાપની ખિદમત અને ભરણપોષણ માટે આ ભાગદોડ થઈ રહી છે તો એ અલ્લાહની રાહમાં ગણવામાં આવશે અને આવો શખ્સ સૌથી મોટો મુજાહિદ છે.

તિબ્રાનીમાં છે કે તે સહાબી રિઝ્કે હલાલની તલબમાં નીકળ્યા હતા અને મહેનતમાં લાગેલ હતા. તે સમયે સહાબાએ કિરામને આ જાણવાથી ખૂબ જ ખુશી થઈ કે કમાણી અને રોજગાર માટે શ્રમ અને કોશિશ કરવું અને મજૂરી કરવી અલ્લાહના ફઝ્લો કરમથી ઈબાદત બની જાય છે. ફર્માને નબવી છે કે, "મુસલમાન પોતાની જાત અથવા પોતાની પત્ની, બાળકો પર જે કાંઈ હલાલ માલમાંથી ખર્ચ કરે છે તે સર્વ સદકો અને ઈબાદત છે, જેના પર અલ્લાહની તરફથી તેને અજ્ર આપવામાં આવશે અને કયામતના દિવસે તે એ સ્થિતિમાં ઉભો થશે કે તેનો ચહેરો પુનમના ચાંદની જેમ ચમકતો હશે. અને જો તેની આ મહેનત વધારે ધન દૌલત પ્રાપ્ત કરી લોકોમાં ઉચ્ચ હોદ્દો મેળવવા માટે કે માલદાર કહેવડાવવા માટે, દુનિયાને દેખાડવા માટે, મોજ શોખ માટે હોય તો આ સર્વ મહેનત શૈતાનની રાહમાં ગણવામાં આવશે."

## ★ મજૂરોના મસીહા ★

એક વખત હઝરત જાબિર رضی اللہ عنہ એ હુઝૂરે પાક صلی اللہ علیہ وسلم થી મુસાફો કર્યો તો તેમની હથેળી ખરબચડી અને દાગદાર જોઈ. હુઝૂર صلی اللہ علیہ وسلم એ પૂછયું, હે જાબિર ! તમારી હથેળી પર આ શું થયું ? અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم હું ઘોડીઓની નાળ બાંધવાનુ કામ કરું છું અને જે કાંઈ મહેનતાણુ મળે છે તેનાથી મારાં બાળકોનું પાલનપોષણ કરું છું. આ સાંભળી મોહસિને ઈન્સાનિયત, રહમતે આલમ મુહમ્મદે અરબી صلی اللہ علیہ وسلم એ તેમના ખરબચડા હાથ ચૂમી લીધા. અને ફર્માવ્યું, "આ તે હાથ છે જેને જહન્નમની આગ નહીં લાગે. હે જાબિર ! મજૂરી અને મહેનતથી રોજી કમાનારનો હાથ અલ્લાહ અને તેના રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ ને ખૂબ જ મહેબૂબ છે."

આ જ પ્રકારનો એક વધુ બનાવ છે. હઝરત મઆઝ બિન જબલ رضی اللہ عنہ ને ગઝવએ તબૂકના મૌક઼ા પર મદીના મુનવ્વરામાં અલ્લાહના રસૂલ صلی اللہ علیہ وسلم પોતાના ખલીફા બનાવીને ગયા અને ફર્માવ્યું કે તમે મારી ગેરહાજરીમાં લોકોની જરૂરિયાતનું ધ્યાન રાખજો. જેથી તે પોતાનો વધારે સમય મુસલમાનોની ખિદમતમાં પસાર કરતા હતા. ત્યાર પછી પોતાની જરૂરિયાત માટે કાંઈક લાકડાં કાપતા હતા તેનાથી જે મજૂરી મળતી તેના વડે પોતાનું ગુજરાત ચલાવતા. જ્યારે હુઝૂર صلی اللہ علیہ وسلم ગઝવએ તબૂકથી પરત થયા તો તેમના હાથમાં છાલાં પડેલાં હતાં અને હાથ ખરબચડો હતો જે પહેલાં કયારે પણ ન જોયો હતો. આપે તેનું કારણ પૂછયું. જ્યારે કારણ જણાવ્યું તો આપે મઆઝ બિન જબલનો હાથ ઉઠાવીને ચૂમી લીધો અને ફર્માવ્યું, "આ હાથ એવો હાથ છે જેને દોઝખની આગ ક્યારે નહીં લાગશે ! ક્યારેય નહીં લાગશે ! ક્યારે નહીં લાગશે !"

છે કોઈ દુનિયામાં આવો લીડર જે આટલી હદે મજૂરોથી મહોબ્બત

કરતો હોય ? છે કોઈ આવો મસીહા જેણે મજૂરોના ખરબચડા હાથોને પોતાના હોઠથી ચૂમ્યા હોય ?! ક઼સમ ખુદાની ! આવો મસીહા અને લીડર દુનિયામાં ન થયો છે ન છે અને ન તો ક઼યામત સુધી કોઈ થશે.

## ★ આજના કહેવાતા લીડરો ★

આજે તો સ્થિતિ એ છે કે મજૂરો સાથે આજના લીડરો હાથ પણ મિલાવે છે તો હાથ મિલાવ્યા પછી ડેટોલ સાબુથી હાથ ધોઈ લે છે ! ક્યાંક એવું ન થાય કે મજૂરોના હાથોમાં લાગેલ જીવજંતુ તેમના હાથોમાં અસર કરી જાય ! પણ મારા આક઼ા મુહમ્મદે અરબી ﷺ મજૂરોને સીનાથી લગાડતા હતા, તેમના હાથ ચૂમતા હતા, તેમને દસ્તરખાન પર બેસાડીને પોતાની સાથે ખવડાવતા હતા. અને માત્ર એટલું જ નહીં પરંતુ તેમને ઉત્સાહિત પણ કરતા અને તેમની સાથે મહેનત પણ કરતા હતા. હજારો લાખો ખાદિમો જાંનિષાર હોવા છતાં પણ મારા આક઼ા ﷺ મસ્જિદે નબવીની તા'મીરમાં મજૂરોની સફમાં ઊભા થઈને પથ્થર ઉઠાવી ઉઠાવીને લાવી રહ્યા હતા. આ વાત માત્ર લોકો વચ્ચેના જીવનની ન હતી, પરંતુ પોતાની અંગત જિંદગીમાં પણ ઘરના એકાંતમાં પણ આ જ સ્થિતિ હતી. ઘરનાં દરેક કામ આપ જાતે જ કરતા હતા. નબુવ્વતના એલાન પહેલાં મક્કાની વાદીઓમાં બકરીઓ ચરાવતા હતા, અને નબુવ્વતના એલાન પછી પણ આપે મહેનત અને મજૂરી કરવામાં કોઈ પણ પ્રકારની શરમ ન રાખી. પછી આજના કહેવાતા લીડરો અને નેતાઓનો એ હાલ છે કે પ્રજા ભૂખે મરે છે અને એ વિમાનોમાં સફર કરે છે ! ફાઈવ સ્ટાર હોટેલોમાં મોજ ઉડાવે છે. એરકન્ડીશન બંગ્લાઓ અને મહેલો તેમનું રહેઠાણ હોય છે. તેમની શરદી, ખાંસીનો ઈલાજ અમેરિકા અને યૂરોપની સૌથી મોંઘી હોસ્પિટલોમાં થાય છે. તેમનાં બાળકો યૂરોપ અને અમેરિકાની સ્કૂલોમાં તા'લીમ મેળવે છે. એઓ જે ગાડીમાં ચાલે છે તે ગાડીમાં

પેટ્રોલની જગાએ મજૂરોનું લોહી અને પસીનો બળે છે. તે જો કોઈ સ્કૂલ અથવા કોલેજ અને હોસ્પિટલના આરંભ અથવા સંગે બુન્યાદ માટે એક ટુકડો ઈંટનો ઉઠાવીને બુન્યાદમાં મૂકી દે છે તો દેશનું આખુ મિડીયા આ અસંભવિત વાતને માથે ઉપાડી લે છે. આવો ! આવો ! હે દુનિયાના લીડરો ! હે મજૂરોથી જૂઠી મહોબ્બત રાખનારાઓ ! આવો ! મારા આક઼ા મોહસિને ઈન્સાનિયત મુહમ્મદે અરબી ﷺની મુક઼દસ જિંદગીને આઈડિયલ બનાવો. કેમ કે દુનિયાના દરેક ઈન્સાનો માટે માત્ર અને માત્ર મુહમ્મદે અરબી ﷺની જ જિંદગી એક આદર્શ નમૂનો છે. આપના જીવનથી એક હાકિમ, એક અમીર, એક વઝીર, એક ઓફિસર, એક નોકર, એક શેઠ, એક સિપાહી, એક વેપારી, એક મજૂર, એક જજ, એક શિક્ષક, એક લીડર, એક ફિલોસોફર, એક સાહિત્યકાર, એક જનરલ, એક કમાન્ડર, દરેક શિખામણ લઈ શકે છે. આપનુ પાકીઝા જીવન દુનિયાના દરેક ઈન્સાન માટે એક આઈડિયલ છે. આપના સહાબાના જીવનમાં પણ સતત મહેનત અને કોશિશનો જઝબો ખૂબ જ પ્રમાણમાં હતો. તેઓ મહેનત અને મજૂરી કરવામાં થોડી પણ શરમ અનુભવતા ન હતા.

## ★ હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہ ★

તારીખુલ ખુલફામાં હઝરત અલ્લામા જલાલુદીન સિયૂતી رحمۃ اللہ علیہ લખે છે કે જ્યારે હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہ ઈસ્લામી હુકૂમતના ખલીફા તથા શાસક નિમણૂંક થયા તો સવારે ઉઠીને વેપાર માટે કપડાંઓનો થેલો ખભા પર નાખી અને બજાર તરફ રવાના થઈ ગયા. રસ્તામાં ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ અને હઝરત અબૂ ઉબૈદા બિન જર્રાહ رضی اللہ عنہماથી ભેટો થયો. પૂછયું, હે અમીરુલ મો'મિનીન ! વહેલી સવારે તમો ક્યાં જઈ રહ્યા છો ? ફર્માવ્યું, બજાર જઈ રહ્યો છું. આ સાંભળીને તે બંને હઝરાત બોલ્યા, આપ મુસલમાનોના અમીર છો,

સલ્તનતે ઈસ્લામિયાના બાદશાહ છો, આપ પર જિમ્મેદારીઓ રાખવામાં આવી છે, બજારમાં જઈને શું કરશો ? ફર્માવ્યું, જો બજાર જઈને વેપાર નહીં કરું તો પછી મારાં ઘરવાળાઓની પરવરિશ કઈ રીતે કરીશ ? તેમણે કહ્યું, આપ પાછા ફરો, અમો મુસલમાનોથી સલાહ મશ્વરો કરીને તમારો વઝીફો બંધાવીશું. આપે બંને હઝરાતનો આભાર માન્યો અને આગળ વધી ગયા.

આપણા બુઝુર્ગો જેમને અલ્લાહની બારગાહમાં ખૂબ જ મહબૂબિયત અને મક઼બૂલિયતનો ઉચ્ચ દરજ્જો હાંસલ હતો. આટલી શાન અને શૌકતના માલિક માલિક હોવા છતાં પોતાની રોજી ખૂબ જ મહેનત અને લગન સાથે જાતે આપ કમાતા હતા. આપે ક્યારે પણ મહેનત અને મજૂરીને નાનમની વાત નથી સમજી, અને ન તો કદી મજૂરી કરવામાં શરમ અનુભવી.

## ★ હઝરત ઉમર ફારૂક઼ે આ'ઝમ رضی اللہ عنہ ★

હઝરત ઉમર ફારૂક઼ે આ'ઝમ رضی اللہ عنہ જેમનાથી તે સમયની બે સુપરપાવર તાક઼તો ક઼ૈસર અને કિસ્રા ગભરાતી હતી, પણ ખિદમતે ખલ્ક઼નો જઝબો આપનામાં પુષ્કળ પ્રમાણમાં હતો કે રાત્રીના અંધકારમાં આપ પોતાની પ્રજાની ખબર લેવા માટે નીકળતા હતા કે જુએ કોઈ ભૂખુ તથા તરસ્યુ તો નથી. આ જ તે ખિદમતે ખલ્ક઼નો જઝબો હતો જેથી તે માત્ર શરીરો પર નહીં પરંતું લોકોના દિલો પર પણ રાજ કરતા હતા. આ તો તે નેક જાનો છે જેમણે મોઅલ્લિમે કાઈનાત, મુહમ્મદે અરબી صلی اللہ علیہ وسلمથી તા'લીમ મેળવી હતી. જેમની સંપૂર્ણ જિંદગી પ્રજાની ખિદમત માટે સમર્પિત હતી. તેઓને પોતાના આક઼ાનું આ ફર્માન સારી રીતે યાદ હતું કે જે કામકાજ અને મહેનતના કારણે રિઝક઼ે હલાલની પ્રાપ્તિમાં લાગેલો રહે અને થાકેલો પાકેલો ઘરે પરત થાય અને સૂઈ જાય તો સવારે તે બખ્શેલો બખ્શાયેલો ઉઠે છે.

## ★ તિજારત (વેપાર) અને ઓલમા ★

જો આપણે ઈતિહાસના પાનાઓમાં ઓલમા, મોહદ્દિષીન, મુફસ્સિરીન અને દીનના બુઝુર્ગોની જિંદગીનો અભ્યાસ કરીએ તો એ વાત સ્પષ્ટ થઈ જાય છે કે જેવી રીતે તેઓ એક તરફ મસ્નદે દર્સ પર બેસીને પોતાના વિદ્યાર્થીઓને કુર્આન તથા હદીષનો દર્સ આપતા હતા, તો બીજી તરફ તેઓ રિઝકે હલાલ માટે મહેનત અને મજૂરી તથા વેપાર પણ કરતા હતા. તેમાંથી કેટલાકે તેલ બનાવવાનું કામ પણ કર્યું હતું, કોઈ કાપડ બનાવતા અને વેચતા હતા, કોઈ મજૂરી કરતા હતા. કોઈ વાસણો બનાવતા અને તેને વેચતા હતા. કોઈ કલાઈ કરતા હતા, કોઈ લુહાર હતા, કોઈ ખેડૂત હતા, કોઈ સાબુ બનાવતા હતા, કોઈ કઠિયારા હતા, કોઈ સુથાર હતા, બૂ અલી ડાંગર તથા તેલ વેચતા હતા પણ ખતીબે બગદાદ જેવા મહાન મોહદ્દિષના ઉસ્તાદ હતા. અલ્લામા અબૂ હમ્ઝા અને અલ્લામા અબુલ હસન કાપડ બનાવતા હતા પણ ઉલૂમે નુબુવ્વતના વારિષ અને મુબલ્લિગ હતા. આપણા ઈમામે આ'ઝમ અબૂ હનીફા, હઝરત અબ્દુલ્લાહ બિન મુબારક, હઝરત ઈમામ ગ઼ઝાલી, અલ્લામા ઈબ્ને જવઝી, તમામ વલીઓના સરદાર સરકાર ગૌષે આ'ઝમ આ સૌ મહાન હસ્તીઓ પોતાના સમયના મોટા વેપારી હતા. તેમના બિઝનેસ અને કારોબારનું ક્ષેત્ર બીજા દેશો સુધી ફેલાએલું હતું. તેઓ ખુશહાલ હતા, તેઓ સંતુષ્ટ હતા, હક્ક઼ વાત કહેવાથી તેમને કોઈ શક્તિ કે તાક઼ત ન રોકી શકી. અને જ્યારે આજે ભય માથે પડેલ છે, હક્ક઼ બોલીશ તો લોકો નારાજ થઈ જશે !

વિચારો ! આજે આપણે આપણા જ ભૂતપૂર્વ બુઝુર્ગોના પંથથી કેટલા દૂર થઈ ગયા છીએ. ઈલ્મને આપણે રોજીનું માધ્યમ બનાવી લીધું છે. કળા અને ધંધાને આપણે તુચ્છ સમજી લીધો છે, જ્યારે કે

હદીષમાં છે કે કોઈ પણ અલ્લાહનો બંદો કોઈ પણ જાઈઝ ધંધાને તુચ્છ સમજે અને ન તો તેને ખેડૂત હોવા અથવા દરજી હોવાનો ટોણો મારે, એટલા માટે કે આ મહેણાના હેઠળ અલ્લાહના તે મહબૂબ બંદાઓ પણ આવી જાય છે જે લોકોએ એ ધંધા કરીને એ ધંધાને ફઝીલતથી નવાજયા છે.

આ તમામ બનાવો અને રિવાયતોથી એ વાત સ્પષ્ટ થઈ ગઈ કે તિજારત અને કારોબાર કરવું અંબિયાએ કિરામ, સહાબાએ કિરામ અને બુઝુર્ગાને દીનની સુન્નત છે. એ દરેક મુક઼દ્દસ હસ્તીઓ વેપાર કરતી હતી. આજે ઓલમાના તબક઼ા (વર્ગ)માં ખૂબ જ ઓછા લોકો છે જે બુઝુર્ગોની આ સુન્નતને અપનાવે છે. આપણા ઓલમા લગભગ એ લઘુતાગ્રંથિના શિકાર છે કે તેઓ વિચારે છે કે ક્યાંક એવું ન થાય કે તિજારત કરું અને તેમાં ખોટ અને નુકસાન થઈ જાય, જેથી તેઓ તિજારતના મેદાનમાં પગ નથી મૂકતા. ફળિયાની રોટલી ખાઈને મસ્જિદ, મદ્રસાના ઓરડામાં સૂઈ જવું વધુ પસંદ કરે છે જેથી આ વર્ગ ખૂબ જ પરેશાન છે. આલિમ બનવું ખૂબ જ ખુશનસીબીની વાત છે પણ એવું કાંઈ જરૂરી નથી કે આલિમ બન્યા પછી મસ્જિદ અને મદ્રસાને ચાદર ચટાઈ બનાવી લેવામાં આવે, તિજારત અને કારોબારમાં પણ ઓલમાએ કિરામના વર્ગે આવવું જોઈએ. એવું, ન સોચવું જોઈએ કે કારોબાર અથવા વેપાર કરીશ તો નુકસાન થઈ જશે. એક વ્યક્તિ દીવાલની ધાર પર ચાલતો ચાલતો એ ભયથી ભયભીત થઈ જાય કે હું પડી જઈશ તો તે જરૂર પડી જશે, જ્યારે દીવાલ પર ચાલવાની સ્થિતિમાં પણ તેના પગો નીચે એટલી જ જમીન હતી જેટલી કે જમીન પર ચાલવાની સ્થિતિમાં હોય છે. પરંતું આત્મવિશ્વાસના અભાવના કારણે તેના પગ ધ્રુજી ઉઠે છે અને તે ખરેખર પડી જાય છે !

કહેવાય છે કે એક અમીર આદમી પોતાના ગામડિયા નોકરને કહે કે આ ટેબલ રોજ સાફ કરવું પણ ધ્યાન રાખજે કે કાચની ફૂલદાની તૂટી ન જાય. તો યકીન માનો કે ફૂલદાની જરૂર તૂટી જશે, કેમ કે આપની ચેતવણીના કારણે જે ભય તેના દિલમાં જાગૃત થયો છે તેના સબબે ફૂલદાની ઉઠાવતી વખતે હાથ ધ્રુજવા લાગશે અને ફૂલદાની પડીને ભાંગી જશે !

એક આદમી સાધારણ બીમારીમાં સપડાયો હતો પરંતુ ડોક્ટરે તેને જીવલેણ બીમારીના વહેમમાં નાખી દીધો. તેને વિશ્વાસ થઈ ગયો કે હવે મારું મૃત્યુ નિશ્ચિત છે, હવે હું મરીજઈશ ! બન્યું એવું કે થોડા સમય પછી તે મરી ગયો.

આ સર્વ ઉદાહરણો ખયાલ અને ઈરાદાઓની દઢ તાકતને સ્પષ્ટ કરે છે. જેથી એ જરૂરી છે કે જ્યારે કોઈ કામનો આરંભ કરો તો કમજોર અને બુરા ખયાલોને દિલો દિમાગથી બહાર કાઢીને દઢ સંકલ્પ અને પાકા ઈરાદાઓ તથા સારી ઉમ્મીદો સાથે આરંભ કરવામાં આવે જેની અસર એ થશે કે તમો સંપૂર્ણ પ્રયત્ન, મહેનત અને અધિક ધ્યાન સાથે પોતાના કામને પૂર્ણ કરશો અને અલ્લાહના ફઝ્લો કરમથી એમાં જરૂર કામયાબી મેળવશો કેમ કે જેની પાસે તંદુરસ્તી, પાત્રતા, મહેનત, સંકલ્પ, મજબૂત ઈરાદો, નિશ્ચય અને વધુ હિંમત હોય તો તેની તરક્કી નિશ્ચિત છે.

**વહી સાહિબે ઈમરોઝ જિસને અપની હિમ્મત સે**
**ઝમાને કે સમન્દર સે નિકાલા ગોહરે ફરદા**

રિવાયતમાં છે કે એક શખ્સ સાત દિવસ દાણાપાણી વગર કોઈ પહાડની ગુફામાં બેસીને ઈબાદત કરતો રહ્યો. અલ્લાહ તઆલાએ તે સમયના નબી પાસે સંદેશો મોકલ્યો કે તમો તે શખ્સને જઈને કહો કે તું તારી ઈબાદત અને રિયાઝતથી અમારા હિકમતના કારખાનાને

નષ્ટ કરવા માગે છે ! જા, અને ક્યાંક જઈને બે ચાર રૂપિયાની મજૂરી કર ! અમો બંદાઓને બંદાઓના હાથે આપવું પસંદ કરીએ છીએ. આ હિકાયતથી જાણવા મળ્યું કે નિઃશંક ! અલ્લાહ તઆલા રઝ્ઝાક઼ છે પણ ઈન્સાને મહેનત અને મજૂરી કરવી પણ જરૂરી છે કેમ કે અલ્લાહ કોઈના વસીલાથી, કોઈના માધ્યમે જ પોતાના બંદાઓને નવાઝે છે.

## ★ સૌથી મોટો આબિદ ★

હદીષ શરીફમાં છે કે એક વખત હુઝૂર ﷺ પોતાના સહાબાની સાથે બેઠા હતા એ દરમિયાન એક શખ્સ આપની સામેથી પસાર થયો. કોઈએ તેની તરફ ઈશારો કર્યો અને કહ્યું : હે અલ્લાહના રસૂલ ! ﷺ આ શખ્સ ખૂબ જ નેક છે, રાત દિવસ ઈબાદતે ઈલાહીમાં લાગેલો રહે છે, ઈબાદત સિવાય અન્ય કોઈ કામમાં તેની એક ક્ષણ પણ નથી જતી. ફર્માવ્યું, તો પછી તે જીવન કેવી રીતે પસાર કરે છે ? અર્ઝ કરી, તેનો એક ભાઈ છે જે કમાઈ છે અને તે જ તેનો ખર્ચો પૂરો પાડે છે, અને દરેક રીતે તેના ખાવા પીવાનો ખયાલ રાખે છે. આ સાંભળી નબી કરીમ ﷺએ ફર્માવ્યું, તેનો ભાઈ તેનાથી અધિક ઈબાદત ગુજાર છે, તેને સવાબ પણ તેનાથી વધારે મળે છે, તેનો દરજ્જો પણ તેનાથી વધારે છે, કેમ કે મહેનત મજૂરી કરીને જાતે ખાય છે અને પોતાના આ ભાઈને પણ ખવડાવે છે.

આ રિવાયતથી એ જાણવા મળ્યુ કે બીજા પર પોતનો બોજ નાખીને ઈબાદત કરવું ફાયદાકારક નથી, મહેનત કરીને ખાવું અને હલાલ રોજી કમાઈ લેવી પણ ઈબાદત છે. આ રિવાયત મફતનું ખાનારા લોકો માટે બોધદાયક છે.

ઈસ્લામે કેટલાક કામોને જાઈઝ અને કેટલાક કામોને નાજાઈઝ

ઠરાવ્યાં છે, કેટલીક ચીજોને હલાલ અને કેટલીકને હરામ ઠરાવી છે. તિજારત (વ્યાપાર) કરવું સુન્નત છે પણ હરામ ચીજોની તિજારત નથી થઈ શકતી. પુષ્કળ ચીજો હલાલ છે તેની તિજારત જાઈઝ છે પરંતુ કોઈ એવો તરીક઼ો જે નાજાઈઝ છે તેને ઉપયોગમાં લેવામાં આવે તો એ જાઈઝ અને હલાલ ચીજોની તિજારત પણ હરામ થઈ જાય છે. ફર્માને નબવી છે, હે લોકો ! અલ્લાહથી ડરો અને રોજીની તલાશમાં ખોટા તરીક઼ાનો પ્રયોગ ન કરો, એટલા માટે કે કોઈ શખ્સ ત્યાં સુધી નથી મરી શકતો જ્યાં સુધી તેના ભાગની રોજી તેને મળી ન જાય. હા ! તેને પામવામાં મોડુ થઈ શકે છે, જેથી હલાલ રોજી હાંસલ કરો અને હરામના નિકટ ન જાવ. જે વધુ મેળવવા માટે હેરાફેરીથી કામ લે છે તે એ રોજીને જે તેના ભાગ્યમાં લખેલ છે હાથે કરીને હરામ બનાવી લે છે. આ તેમની કમનસીબીની સીમા છે. ઓફિસ અને કચેરીઓમાં કર્મચારી અને કારખાનામાં જે મજૂર ટાઈમ પાસ કરે છે અને પોતાની જિમ્મેદારીમાં ઢીલ કરે છે એ તે વેપારીની જેમ બેઈમાન છે જે બરાબર તોલતા નથી, મિલાવટ કરે છે. નફાખોરી કરે છે. આજે ગવર્મેન્ટ કચેરીઓ ઓફિસોમાં એક સાધારણ ચલણ છે. કર્મચારીઓ જરૂરતમંદ માણસોને સતાવે છે, ફાઈલના કાગળો છુપાવી દે છે, સીધી રીતે વાત નથી કરતા અથવા લાંચ લે છે ત્યારે જઈને ફાઈલના કાગળો આપે છે. તંત્રી, મંત્રી સર્વ આ બીમારીમાં સંડોવાયેલા છે. વક઼ીલો કેસને જાણી જોઈને જટીલ બનાવીને મોટી રકમ ઉલેચે છે. ડોક્ટરો દવાખાનામાં જાણી જોઈને ઈન્જેક્શન લગાડીને ઓપરેશન અને ચેકઅપના નામે લાંબા લાંબા આંકડામાં ફી માંગે છે. આવા લોકો મૃત્યુ પછી ખુદાને શું જવાબ આપશે ? આ સર્વ ચોખ્ખી બેઈમાની છે અને શૈતાની યુક્તિ છે. આ હરામખોરીનું પરિણામ રુસ્વાઈ, બદનામી અને અલ્લાહના અઝાબ સિવાય કાંઈ નથી.

## ★ દુઃખી લોકોના દુઃખનો સાથી ★

એકવાર ખુદાની બારગાહમાં હાથ ઉઠાવીને નબી કરીમ ﷺએ દુઆ ફર્માવી, મૌલા ! આ લોકો ભૂખ્યા છે તેમના રિઝ્કમાં બરકત આપ, મૌલા ! આ નિર્ધન તથા ગરીબ છે સંતુષ્ઠ અને ખુશહાલ કરી દે, તેમની ગરીબાઈને દૂર કરી દે. લોકોની ખુશહાલી માટે હુઝૂર ﷺ ખૂબ જ દુઆઓ કરતા રહેતા હતા. આપ કોઈને તંગદસ્ત અને પરેશાન જોતા તો આપનો ચેહરો મુબારક ઉતરી જતો અને જ્યારે ખુશહાલ જોતા તો ખુશીથી આપનો ચેહરો ખીલી ઉઠતો. મજૂર વર્ગના લોકોની સ્થિતિ સુધારવા માટે આપ ખાસ ધ્યાન આપતા હતા જેથી આપે પોતાની રહેણીકરણી એટલી હદે સાધારણ કરી લીધી કે એથી વધારે સાધારણ શક્ય ન હતું. આપના પછી આપના ખલીફાઓએ મજૂરોનો ખોરાક, મજૂરોના ઘરો, મજૂરોના પોશાકને પોતાના માટે જીવન સ્તર બનાવેલ હતો. નબી ﷺનો આદેશ હતો કે જે તમે ખાવ તે જ તમારા હાથ હેઠળના ખાદિમો, નોકરોને પણ ખવડાવો. જે તમે પસંદ કરો તે જ તેમના માટે પણ પસંદ કરો. આપના સહાબાએ આપના હુકમોનું પાલન કર્યું. જ્યારે કે ઈબ્ને સુવૈદ رضی اللہ عنہ ફર્માવે છે કે હઝરત અબૂઝર رضی اللہ عنہને એક એવા પહેરવેશમાં જોયા જે એવો જ હતો જે તેમના નોકરે પણ પહેર્યો હતો. તેમને સંબોધીને મેં એનું કારણ પૂછયું તો તેમણે જવાબ આપ્યો કે મેં નબી કરીમ ﷺને ફર્માવતાં સાંભળ્યું છે કે, "નોકર અને ખાદિમ તમારા ભાઈ છે જેઓને અલ્લાહ તઆલાએ તમારા હેઠળ અને તમારા હાથમાં આપ્યા છે, જેથી તેમને તે ખવડાવો જે તમે ખાઓ છો, તે કપડાં પહેરાવો જે તમો પહેરો છે. અને તેમનાથી તે કામ ન લો જે તેમની શક્તિથી બહાર હોય."

ઈસ્લામ દરેક મજૂરની જાન, માલ અને ઈજ્જત આબરૂની રક્ષાનો આદેશ આપે છે. ઈસ્લામી હુકૂમતના મહાન શાસક હઝરત ઉમર

ફારૂકે આ'ઝમ رضي الله عنه જ્યારે પોતાના શાસનકાળમાં કોઈ જગ્યાએ જ્યારે કોઈ હાકિમ અથવા ગવર્નર નિમણૂંક કરતા તો તેને મોકલતી વખતે આપ માર્ગદર્શન આપતા હતા કે હું જાલિમ અને જાબિર બનાવીને નથી મોકલતો પરંતું પ્રજાના દુઃખના ભાગીદાર અને ભલાઈના ઈચ્છુક બનાવીને મોકલી રહ્યો છું. જો તમે પ્રજા પર હાથ ઉઠાવ્યો અને તેમની સાથે જુલ્મ અને જબરદસ્તી કરી તો યાદ રાખજો હું તમને ખૂબ જ કડક સજા કરીશ. અને ઈતિહાસ પણ સાક્ષી છે કે પ્રજાની ફરિયાદ પર આપે ગવર્નરોને સજા આપી અને તેમને પદભ્રષ્ટ પણ કર્યા.

હું પૂરી જિમ્મેદારી સાથે એલાન કરું છું કે ઈસ્લામે મજૂરો સાથે મઝલૂમો સાથે અને તમામ ઈન્સાનો સાથે જે સદ્વર્તન કર્યું છે, દુનિયાના દરેક ધર્મો અને દુનિયાના જીવન બંધારણો એનો નમૂનો રજૂ કરવાથી લાચાર છે. ઈસ્લામ કહે છે કે મજૂર વર્ગને મહેનતાણુ એટલું મળવું જોઈએ જેનાથી તેની પ્રાથમિક જરૂરતો પૂરી થઈ જાય. રોટલી, કપડાં અને મકાન, ઈલાજ અને તા'લીમ આ સર્વ ઈન્સાનની પ્રાથમિક જરૂરતો છે. ફર્માવ્યું, "હું ત્રણ આદમીઓનો દુશ્મન છું તેઓ પૈકી એક તે જાલિમ છે જે મજૂરોથી કામ લે અને મહેનતાણુ ન આપે. હે લોકો ! મજૂરોનો પરસેવો સૂકાતા પહેલાં તેનું મહેનતાણુ આપી દો અને મહેનતાણુ નક્કી કર્યા વગર કોઈને કામ પર ન લગાડો." અને એ પણ હુકમ છે કે મજૂરી ઓછી ન આપો. એટલે મહેનતાણુ ન વાયદાથી ઓછું આપો અને ન તો બજારના ભાવથી ઓછી. મજૂરી ઓછી આપવી, મજૂરની મજબૂરીથી ફાયદો ઉઠાવવો એ એનું શોષણ છે જે ઈસ્લામના નજીક મહાન પાપ છે. અલ્લાહનું ફર્માન છે : لَا تَظْلِمُوْنَ وَلَا تُظْلَمُوْنَ "ન તમે કોઈના પર જુલ્મ કરો અને ન તો કોઈ તમારી ઉપર જુલ્મ કરવા પામે." ઈસ્લામે મજૂરી આપનારને

અને મજૂરને પારસ્પરિક ભાઈ બનાવી દીધા છે. અને તેઓને હુકમ છે કે પારસ્પરિક ભલાઈનો ખયાલ રાખે."

## ★ ઈસ્લામમમાં ભીખ માંગવાની સખત મનાઈ ★

આજે પુષ્કળ લોકો મહેનત મજૂરીથી જાન છોડાવે છે અને ભીખ માગવાને પ્રાથમિક્તા આપે છે. અને જો કોઈ તેમને સમજાવે છે તો ભડકી જાય છે અને કહે છે કે અમો દુર્વેશ લોકો છીએ, અલ્લાહવાળા છીએ ફકીર છીએ, ભીખ માંગવું અમારું કામ છે.

આ ભીખારી ભીખ માગીને પોતાની જાતને અલ્લાહવાળો સમજે છે જ્યારે કે જે અલ્લાહવાળો હોય છે તે ભીખ નથી માગતો, તે લોકોના ટુકડા પર નથી પલતો, તે કોઈની સામે હાથ નથી ફેલાવતો બલ્કે સમગ્ર દુનિયાવાળા તેની સામે હાથ ફેલાવે છે. બતાવો કોઈ અલ્લાહવાળાએ ભીખ માગી હોય તો ? આજે જો ઈસ્લામી હુકૂમત હોત ! અને આ હુકૂમતના સત્તાધીશ ઉમર ફારૂક હોતા તો ભીખારીઓની ખયર ન હોતી ઈસ્લામી અદાલત હોતી તો આજે દરેક ભીખારી અદાલતના કથેડામાં ઉભા નજર આવતા. દુનિયાએ દરેક ગુનાહની રોક થામ માટે ક઼ાનૂનોનું બંધારણ કર્યું પણ આજ સુધી ભીખારીઓ માટે ક઼ાનૂન ઘડનાર સમિતિ કોઈ ક઼ાનૂન ન ઘડી શકી જે તેમને ભીખ માંગવાથી રોકી શકે. ભીખ માગવાની ઈસ્લામે જેટલા પ્રમાણમાં નિંદા કરી છે ભાગ્યે જ કોઈ ધર્મે કરી હોય, પણ આજે સૌથી વધારે ભીખારી મુસલમાન જ આપને દષ્ટિગોચર થશે ! હદીષોમાં ૧૫૦ રિવાયતો ભીખ માંગવાની નિંદામાં આવેલી છે. હુઝૂર નબીએ કરીમ ﷺ ભીખ માગનારાઓને સખત નાપસંદ ફર્માવતા હતા. એ વાત જુદી છે કે કોઈ સાઈલ આપના દરથી વંચિત નથી ગયો, આ આપની શાને કરીમી છે પરંતુ આપે ભીખ માગવાની હમેશાં ટીકા કરી. હા ! જે વ્યક્તિ મોહતાજ હોય અથવા મજબૂર હોય અથવા

કોઈ દુર્ઘટનાનો શિકાર થઈ ગઈ હોય અથવા બે ટાઈમની રોટલી કમાવાની ક્ષમતા ન ધરાવતો હોય, તેના શરીરનાં અંગો લકવાના કારણે બેકાર થઈ ગયાં હોય તો આવા શખ્સનું માગવું અને તેને આપવું જાઈઝ છે, પણ જે તંદુરસ્ત હોય તેણે ભીખ માગવું જાઈઝ નથી. ઈસ્લામે ખુલ્લા શબ્દોમાં જાહેરાત કરી છે કે મહેનત અને મજૂરીથી જીવ છોડાવનારા અને માગીને ખાનારાને કાંઈ પણ ન આપો, તેમને બતાવો કે આ વાત યોગ્ય નથી ! તેમને કામે લગાડો, ભીખના ટુકડા પર પલવા ન દો.

## ★ હઝરત ઉમર رضی اللہ عنہ અને એક ભીખારી ★

રિવાયતમાં છે કે હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہએ એકવાર ભીખ માગનારનો અવાજ સાંભળ્યો તો આપે તેને ખાવા ખવડાવાનો હુકમ કર્યો. થોડીવાર પછી ફરી તેનો અવાજ સાંભળ્યો. ખબર પડી કે આ એ જ ભીખારી છે અને ખાણુ ખાધા પછી ફરી માંગે છે. આપે તેને બોલાવ્યો અને જોયું તો તેની જોલી રોટલીઓથી ભરેલી હતી. આપે જોલીનો એક છેડો પકડયો અને તેને ઊંટોની આગળ ઝાટકી નાખ્યો અને ફર્માવ્યું કે આ તો સાઈલ (માગનાર) નથી બલ્કે તાજિર (વેપારી) છે ! આવા વેપારી માગનારાઓને ન આપવું બેહતર છે.

હુઝૂર صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે, "ભીખ માગવાથી બચો ! કેમ કે જે શખ્સ માગવાની આદત બનાવી લે છે તો માગવાથી પહેલાં અલ્લાહ તેના પર મોહતાજીનો દરવાજો ખોલી દે છે, તે મરતા દમ સુધી માગતો રહેશે પણ સંતુષ્ટ નહીં થાય." વાસ્તવમાં ભીખારી ક્યારે પણ ખુશહાલ નથી થઈ શકતો. જે લોકો અલ્લાહ વ રસૂલ અને બુઝુર્ગોનાં નામ લઈને ભીખ માગે છે એવા લોકો ખૂબ જ લા'નતી હોય છે. આવા લોકોના સંબંધે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ઈર્શાદ ફર્માવ્યો કે "મલઊન છે તે શખ્સ જે અલ્લાહના નામે ભીખ માગે. આવો શખ્સ જાણે કે

અલ્લાહને ભીખ માગવાનું માધ્યમ બનાવે છે. અલ્લાહ વ રસૂલની ઈજ્જત તેના દિલમાં નથી રહેતી. તે જાણે છે કે ભીખ માંગવામાં ખુદાના પ્યારા રસૂલ ﷺનો વાસ્તો આપવાથી ચાહે ન ચાહે મુસલમાને કાંઈક ને કાંઈક તો આપવું જ પડશે. એટલા માટે તે અલ્લાહ વ રસૂલનું નામ લઈને ભીખ માગે છે. વાસ્તવમાં આ લોકો ઈસ્લામ અને મુસલમાનોની પેશાની પર ખરાબ દાગ છે અને આ જ લોકોએ ઈસ્લામને બર્બાદ અને મુસલમાનોને બર્બાદ કર્યા છે.

હલાલ તરીક઼ાથી રોજી કમાવવું, મહેનત અને પરિશ્રમ દરેક શખ્સનો ફર્ઝ છે અને તેના વિરૂદ્ધ અમલ કરવો ખરેખર ગુનોહ છે, અને પકડના પાત્ર પણ છે. પણ આજકાલ ભીખારીઓના દિલોમાં એવો વહેમ છે કે મહેનત મજૂરી કરવી અમારું કામ નથી એટલે તો બીજા લોકો બનાવવામાં આવ્યા છે ! અલ્લાહ રહેમ કરે બંદો લહેર કરે.

ભીખ માગવાથી આત્મ સન્માન અને લજ્જા મરી જાય છે. અનુભૂતિ દૂર થઈ જાય છે. સુસ્ત અને એદી (આળસુ) લોકોની સંખ્યા વધતી જ જાય છે, મફતનું ખાવાના કારણે ક઼ૌમમાં દુરાચાર જન્મ લે છે. આદમી સુસ્ત અને એદી તથા નકામો થઈ જાય છે. મહેનતની આદત દિવસે દિવસે ઓછી થતી જાય છે અને આદમી ભીખના સિવાય કોઈ કામના લાયક કે પાત્ર નથી રહેતો.

### ★ જાનવર પણ નકામુ ★

મખઝને અખ્લાક઼માં છે કે એક ડોશીએ રસ્તા પાસે ખાટલી બિછાવી અને તેના પર ભીખના ટુકડા સુકાવા માટે નાખ્યા હતા. એક ઊંટે ચાલતા ચાલતા ગરદન લંબાવીને બે ચાર ટુકડા તેમાંથી ખાધા. ડોશી ઊંટવાળાને ગાળો દેવા લાગી. ઊંટનો માલિક રડવા લાગ્યો. લોકોની ખાસી ભીડ જમા થઈ ગઈ અને તેને રડવાનો સબબ પૂછવા લાગ્યા

તો તેણે કહ્યું કે તે ડોસીના બે ચાર ટુકડા ઓછા થઈ ગયા પણ મારું ઊંટ હમેશાં માટે નકામુ થઈ ગયું, કેમ કે ભીખના ટુકડા તેના મોંમાં લાગી ગયા છે, હવે તે કામ કરવાનું છોડી દેશે !

ભાઈઓ ! ભીખ તે ઝિલ્લતનો લુકમો છે કે જો તેને જાનવર પણ ખાઈ લે તો તે પણ નકામુ થઈ જાય ! અફસોસ ! હજારવાર અફસોસ ! કે આજે કેટલાક મુસલમાનોએ તેને ધંધો બનાવી લીધો છે. અલ્લાહ લોકોને સારી સમજ આપે કે તેઓ ભીખ માગવું બંધ કરી દે અને મહેનત અને પરિશ્રમની રોજી કમાય અને ખુદાની ઝાત પર ભરોસો રાખે કે તે આપણી મહેનત અને મજૂરીનું મહેનતાણુ જરૂર આપશે. આજે મોજ મજાથી જીવતા લોકો હાથ કરીને દેવુ કરે છે અને પછી ઝકાતની ઉઘરાણી કરવા લાગે છે તો એવા લોકોએ સબક઼ લેવો જોઈએ.


| | |
|---|---|
| બરકાતે ખ્વાજા (માસિક)ના ગ્રાહક બનો અને બનાવો | લવાજમ રૂા. ૧૫૦/- મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧ |

....પ્રકરણ : 3

# તવક્કુલ (અલ્લાહ પર ભરોસો)

અલ્લાહ તઆલા કુર્આન મજીદમાં ફર્માવે છે :-

وَمَن يَتَوَكَّلْ عَلَى اللَّهِ فَهُوَ حَسْبُهُ "અને જે અલ્લાહ પર ભરોસો રાખે તો અલ્લાહ તેને પૂરતો છે."

ખુદા પર ભરોસો કરવાને તવક્કુલ કહેવામાં આવે છે. તવક્કુલ શું છે ? અને તવક્કુલનો મતલબ લોકોએ શું સમજ્યો છે, તેનું આ પ્રકરણમાં ટૂંકમાં વર્ણન કરીશું.

### ★ તક્દીર અને તવક્કુલ ★

(لَيْسَ لِلْإِنسَانِ مَا سَعَىٰ) કુર્આન પાકમાં ઈર્શાદે ખુદાવંદી છે કે ઈન્સાનને તે જ મળે છે જેના માટે તે કોશિશ કરે છે. આ એક મહાન સિધ્ધાંત છે જે દુનિયાની જિંદગી પર કાબૂ મેળવનાર છે અને આખેરતની જિંદગી પર પણ. કોશિશ અને મહેનત વગર ન દુનિયામાં કાંઈ મળે છે અને ન તો આખેરતમાં કાંઈ મળશે. મારા નિકટ મુસલમાનોની બર્બાદીનું સૌથી મોટુ કારણ એ છે કે તેમણે કુર્આનની આ તા'લીમને ભૂલાવી દીધી છે અને કોશિશ અને મહેનતથી હાથ ઉઠાવી લીધો છે. પરિણામરૂપે તેમની જિંદગી મેહરૂમી, નિષ્ફળતા, લાચારી અને બેઅમલીનો શિકાર થઈને રહી ગઈ છે અને તે તવક્કુલ અને તક્દીરની એક જૂઠી કલ્પનાના આધાર પર દુનિયા તથા આખેરત

બંનેની કામયાબીથી વંચિત થઈ ગયા છે. તવક્કુલનો ગલત અર્થ એ છે કે ખુદાને જે કાંઈ કરવું છે તે કરશે, ઈન્સાનને કાંઈ કરવાની જરૂરત નથી ! એ જ રીતે તક઼દીરનો પણ ગલત અર્થ એ છે કે જે કાંઈ થવાનું છે તે આપોઆપ જ થઈ જશે. તવક્કુલ અને તક઼દીરની આ બંનેવ કલ્પનાઓ વર્તમાનકાળની પૈદાવાર છે. નહીં તો ઈસ્લામના પ્રારંભિક સમયમાં જ્યારે મુસલમાનો જિંદગીના દરેક ક્ષેત્રમાં તરક્કી મેળવી રહ્યા હતા, તવક્કુલ અને તક઼દીરના સિધ્ધાંતો મુસલમાનોની સૌથી મહાન તાક઼ત હતી. તવક્કુલ એલલ્લાહ (અલ્લાહની જાત પર ભરોસા)નો સાચો અર્થ એ છે કે ઈન્સાન પોતાની શક્તિ અને તાક઼તભર કોશિશ કરે અને પોતાની સંપૂર્ણ પાત્રતા, આવડત, મક઼સદની પૂર્ણહૂતિમાં લગાડી દે અને કામનું ફળ અલ્લાહ તઆલા પર છોડી દે. મસ્નવી શરીફમાં મૌલાના રૂમી عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَان ફર્માવે છે :

**ગર તવક્કુલ મીકુની દર કાર કુન**
**કસબ કુન તકિય્યા બર જબ્બાર કુન**

મતલબ તવક્કુલનો એ અર્થ છે કે, "તું કોશિશ, મહેનત અને લગનથી કામ કર અને પછી અલ્લાહ તઆલાની જાત પર ભરોસો કર. ભરોસો એ નથી કે તું ઊંટને છૂટુ મૂકી દે કે તે જંગલમાં ચાલ્યું જાય, અને સિંહ તેને ખોરાક બનાવી લે." તવક્કુલ એ છે કે ઊંટનો પગ તેની જગ્યાએ બાંધી દો અને પછી અલ્લાહ પર ભરોસો કરો કે તે તારા ઊંટની રક્ષા કરે. અલ્લાહની જાત પર સંપૂર્ણ ભરોસાનું નામ તવક્કુલ છે.

## ★ તવક્કુલનો સહી અર્થ અને મતલબ ★

હઝરત ઉમર ફારૂક઼ે આ'ઝમ رضي الله عنه નું ફર્માન છે કે કોઈ મુસલમાનને એ શોભા નથી દેતું કે તે સુસ્ત, એદી અને નકામો બનીને અને હાથ

પર હાથ દઈને તવક્કુલ એલલ્લાહ કરીને બેસી જાય અને મહેનત કોશિશ ન કરે, રોજીની તલાશમાં ન જાય અને દુઆ કરે કે ખુદા ! તું મને રિઝ્ક઼ આપ ! આને તવક્કુલ નથી કહેતા. પરંતું **તવક્કુલ તેને કહે છે કે ઈન્સાન મહેનત પણ કરે અને ખુદા પર ભરોસો પણ કરે.** કેમ કે તમે જાણો છો કે **આસ્માનથી સોનુ ચાંદી નથી વરસતું જેથી તમારું રિઝ્ક઼ શોધીને હાંસલ કરો.**

તવક્કુલનો મતલબ એ પણ નથી કે સબબો અને માધ્યમોને ત્યજી દેવામાં આવે, રોજી મેળવવાના દરેક ઉપાયો છોડી દેવામાં આવે. આગ લાગે તો તેને પાણીથી બુઝાવવામાં આવે, બીમારી લાગુ પડે તો તેનો ઈલાજ કરવામાં આવે, એવું નહીં કે બસ તવક્કુલ અલલ્લાહ પર છોડી દેવામાં આવે. સરકારે દોઆલમ ﷺએ ફર્માવ્યું, **"અલ્લાહના બંદાઓ દવા કરો, કેમ કે મૌત સિવાય કોઈ એવી બીમારી નથી બની જેની દવા ન હોય."** સહાબાએ કિરામે પૂછયું, યા રસૂલલ્લાહ ! ﷺ શું દવા તક઼દીર બદલી શકે છે ? ફર્માવ્યું, તદબીર પણ તક઼દીરે ઈલાહીથી છે, દવા કરવું તમારું કામ છે અને શિફા આપવું અલ્લાહનું કામ છે."

રિવાયતમાં છે કે હઝરત મૂસા عليه السلامને એક બીમારી થઈ ગઈ. આપના સાથીઓએ કહ્યું કે દવા લઈ લો. આપે ફર્માવ્યું, હું દવા નહીં લઈશ ! અલ્લાહ તઆલાએ હઝરત મૂસા عليه السلامની પાસે હઝરત જિબ્રઈલને મોકલ્યા અને કહ્યું, હે મૂસા ! જ્યાં સુધી દવા નહીં લો ત્યાં સુધી શિફા નહીં આપીશ. ત્યારે હઝરત મૂસા عليه السلامએ દવા લીધી અને આપને શિફા મળી. હઝરત મૂસા ગમગીન થયા તો અલ્લાહ તઆલાએ કહ્યું, તું તારી તવક્કુલથી મારી હિકમતને બર્બાદ કરવા ઈચ્છે છે ? દવા કર ! તાષીર અને તેનો ફાયદો મારા જ હાથમાં છે. મારો હુકમ દરેક ચીજ પર નિશ્ચિત છે. હઝરત મૂસા عليه السلامએ પૂછયું,

હે મારા મૌલા ! બીમારી કોનાથી છે ? અને શિફા કોનાથી છે ? ફર્માવ્યું, બીમારી અને તંદુરસ્તી બંને મારા હુકમથી છે. હઝરત મૂસા علیہ السلام એ અર્ઝ કરી, મૌલા ! તો પછી હકીમ અને તબીબની શી જરૂરત છે ? ફર્માવ્યું, હકીમ અને તબીબ એટલા માટે છે કે તેઓ ઈલાજના કારણે રોજી મેળવે અને મારા બંદાઓનું દિલ ખુશ કરે.

આ હકીકતોથી જાણવા મળ્યું કે સબબો અને માધ્યમો શોધવા એ તવક્કુલના વિરૂદ્ધ નથી, બલ્કે દરવાજો બંધ કરીને તવક્કુલ પર બેસી રહેવું અને કાંઈ ન કરવું તવક્કુલના વિરૂદ્ધ છે. જેમ કે કિમિયાએ સઆદતમાં હુજ્જતુલ ઈસ્લામ ઈમામ મુહમ્મદ ગઝાલી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે જે કોઈ શખ્સ પોતાના ઘરમાં એકાંતવાસ થઈ જાય અને દરવાજો બંધ કરીને ઘરમાં બેઠો રહે અને તવક્કુલ કરવાવાળો બની જાય તો એવું તવક્કુલ હરામ છે.

## ★ તદબીર કરીને અને તવક્કુલ કરો ★

હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ થી રિવાયત છે કે એકવાર એક શખ્સ બારગાહે રિસાલતમાં ઊંટણી પર સવાર થઈને આવ્યો અને સરકારે દો આલમ صلی اللہ علیہ وسلم થી અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم હું આ ઊંટણીને છોડી દઉં છું અને (તેની સુરક્ષા માટે) અલ્લાહ પર તવક્કુલ કરું છું. હુઝૂર صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું કે તેના પગ બાંધી દો અને પછી અલ્લાહ પર તવક્કુલ કરો.

રિવાયતમાં છે કે એક શખ્સ જંગલમાં બકરીઓને એકલી ચરતી છોડી પોતે કોઈ કામ માટે શહેરમાં ચાલ્યો ગયો જ્યાં એકાએક મોટો ભાઈ તેને મળી ગયો. તેણે પૂછયું, જંગલમાં બકરીઓને કોના હવાલે કરીને આવ્યો છે ? તેણે કહ્યું, અલ્લાહના ભરોસે છોડીને આવ્યો છું ! મોટા ભાઈએ કહ્યું, તેં આ ખૂબ જ મોટી ભૂલ કરી છે. નાના ભાઈએ

કહ્યું, અલ્લાહના તવક્કુલ પર બકરીઓને છોડી આવવાને ભૂલ કહેવું સખત બેઅદબી છે ! એવું ના કહો. મોટા ભાઈએ કહ્યું, કમનસીબ ! જો બકરીઓ ખુદાના તવક્કુલ પર છોડીને આવ્યો છે તો પછી વાઘ પણ તો અલ્લાહના તવક્કુલ પર જ ફરી રહ્યા છે ! તમે તવક્કુલના અર્થનો દુરૂપયોગ કર્યો છે. તવક્કુલને પ્રયોગ કરતા પહેલાં રસૂલુલ્લાહ صلى الله عليه وسلمના ફર્માનને નજર સમક્ષ રાખવું જોઈએ કે ઊંટને એકલું ચરવા માટે પગ બાંધીને તવક્કુલ પર છોડી દો અને આવા સંજોગોમાં તદબીરથી કામ ન લો તો આ શરીઅતના વિરૂદ્ધ છે. શરીઅત કહે છે કે તદબીર કરીને તવક્કુલ કરો.

ભાઈઓ ! ઈન્સાન જે અમલ કરે છે, પરિશ્રમ અને મહેનત કરે છે તેનું પરિણામ હમેશાં સારું આવતું નથી, કેટલાક કામોમાં આપણને કામયાબી મળે છે અને કેટલાક કામોમાં નાકામી. કામયાબીની સૂરતમાં માણસ ઘમંડી બની જાય છે અને નાકામીની સૂરતમાં નિરાશ થઈ જાય છે. તવક્કુલ અલલ્લાહ કામની બંને ખરાબીઓથી માણસને બચાવે છે, જ્યારે આપણે કોશિશ કરીએ છીએ, મહેનત અને પરિશ્રમ કરીએ છીએ અને પરિણામ ખુદા પર છોડી દઈએ છીએ તો આપણે ન તો કામયાબી પર ઘમંડ કરીએ છીએ અને ન તો નાકામીથી નિરાશ થઈએ છીએ. એ જ રીતે તક઼દીરની કલ્પના પણ આપણને કામ કરવાથી નથી રોકતી પરંતુ આપણને એવું શિખવે છે કે આપણા કામો અને મહેનતના સર્વ પરિણામો તક઼દીરે ઈલાહીના પાબંદ છે, કેમ કે તકદીરે ઈલાહી આપણા કામો અને તેના પરિણામોમાં જાહેર થાય છે જેથી અમલની જે દિશા ઈન્સાન પકડે છે તે જ તક઼દીરે ઈલાહી હોય છે.

ઈમામ હંબલ رحمة الله عليهથી લોકોએ પૂછયું, આપ તે માણસના વિશે શું ફર્માવો છો જે ઈબાદત માટે મસ્જિદમાં બેઠો રહે અને કહે અલ્લાહ

મને રિઝ્ક઼ આપશે. આપે ફર્માવ્યું, આવો આદમી જાહિલ છે, તે શરીઅતને નથી જાણતો. એટલા માટે કે સરકારે મદીના ﷺ એ ફર્માવ્યું કે અલ્લાહ તઆલાએ મારી રોજી મારા નેઝાની નીચે રાખી છે. મતલબ એ છે કે રિઝ્ક઼ માટે મહેનત અને કોશિશ અને ભાગદોડ કરવું જરૂરી છે, વગર મહેનતે અને વિના કોશિશે તવક્કુલનું કોઈ અસ્તિત્વ નથી. આ દુનિયા આલમે અસ્બાબ છે અહીં કાંઈકને કાંઈક કરવું જરૂરી છે.

## ★ અપંગ શિયાળ ★

મષ્નવી શરીફમાં મૌલાના જલાલુદ્દીન રૂમી عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَان ફર્માવે છે કે એક સોદાગર વેપાર માટે ઘરેથી નીકળ્યો. રસ્તામાં એક જંગલ આવ્યું. તેણે એક શિયાળ જોયું જે અપંગ છે, જેના હાથપગ બિલ્કુલ નથી અને તે ખૂબ જ તંદુરસ્ત અને તાજી છે. સોદાગરે વિચાર્યું કે આ તો ચાલવા ફરવાથી વંચિત છે તો પણ આ ક્યાંથી ખાય છે ?! એટલામાં તેણે જોયું કે એક સિંહ એક જંગલી ગાયનો શિકાર કરીને એ તરફ આવી રહ્યો છે. એ વેપારી બીકનો માર્યો એક ઝાડ પર ચઢી ગયો. સિંહ શિયાળની પાસે બેસીને તે ગાયને ખાવા લાગ્યો અને ખાઈને બાક઼ી બચેલ ગાયને ત્યાં જ છોડીને ચાલ્યો ગયો. શિયાળે પોતાની જગાએથી ખસવાનું શરૂ કર્યું અને ધીરે ધીરે તે ગાયની તરફ વધ્યું અને સિંહનું છોડેલુ ખાણુ પેટ ભરીને ખાઈ લીધું. સોદાગર આ દશ્ય જોઈને વિચારવા લાગ્યો કે અલ્લાહ તઆલા જ્યારે આ પ્રકારના અપંગ શિયાળને પણ રિઝ્ક઼ આપે છે, તો પછી મને ઘરથી નીકળીને રિઝ્ક઼ હાંસલ કરવા મહેનતની શું જરૂરત છે ? હું પણ ઘરે જઈને બેસુ છું ! આમ વિચારીને ઘરે પરત થઈ ગયો અને બેકાર, નકામો બનીને ઘરમાં બેસી ગયો. કેટલાયે દિવસો પસાર થઈ ગયા પણ કાંઈ આવકનું નામ નિશાન ન જણાયુ. એક દિવસ ગભરાઈને બોલ્યો, ઈલાહી ! અપંગ

શિયાળને તો તું રિઝ્ક઼ આપે છે અને મને કાંઈ નથી આપતો ! શું આ જ તારો ઈન્સાફ છે ? અચાનક તેને એક ગૈબી અવાજ સંભળાયો કે નાદાન ! તને અમે બે ચીજો બતાવી હતી, એક મોહતાજ અને અપંગ શિયાળ જે અન્યોના ટુકડાઓ પર જીવે છે અને એક સિંહ જે જાતે શિકાર કરે છે, જાતે પણ ખાય છે અને બીજા મોહતાજોને પણ ખવડાવે છે. પણ હે બેવકૂફ ! તેં મોહતાજ, અપંગ શિયાળ બનવું પસંદ કર્યું પરંતું બહાદુર સિંહ બનવું પસંદ ન કર્યું ! તું અપંગ શિયાળ બનીને ઘરમાં બેઠો છે, સિંહ કેમ નથી બનતો જેથી જાતે પણ કમાઈને ખાય અને બીજાઓને પણ ખવડાવે" આ સાંભળીને સોદાગરની ભાવના જાગી ઉઠી અને પછી તે વેપાર કરવા માટે ચાલી નીકળ્યો.

આ બનાવથી તે લોકોએ બોધ લેવો જોઈએ જે કામકાજ પર નથી જતા, મહેનત, મજૂરીથી ભાગે છે, બચેલું અને વાસી ખાઈને ગુજારો કરે છે અને કહે છે, અલ્લાહ પર ભરોસો રાખો જે તક઼દીરમાં હશે તે મળશે ! આવા લોકો કુદરતની વ્યવસ્થાને ભૂલેલા છે. આ તવક્કુલ નથી બલકે સુસ્તી અને એદીપણુ છે, જે ઈન્સાનને તબાહ અને બર્બાદ કરી દે છે. જિંદગી મહેનત અને કોશિશનું નામ છે, સતત કોશિશનું નામ છે, જેથી ઈન્સાને ક્યારેક પણ બેકાર ન બેસવું જોઈએ પરંતું તેણે જોઈએ કે જાઈઝ તરીક઼ાથી કમાઈને પોતાનો પણ ગુજારો કરે અને મોહતાજો પર પણ ખર્ચ કરે. આ જ ઈસ્લામની અપેક્ષા તથા ડિમાન્ડ છે.

## ★ હઝરત શફીક઼ બલ્ખી رحمۃ اللہ علیہ અને તવક્કુલ ★

હઝરત ઈબ્રાહીમ બિન અદહમ અને હઝરત શફીક઼ બલ્ખી رضی اللہ عنہما ની મક્કા મુકર્રમામાં મુલાકાત થઈ. હઝરત ઈબ્રાહીમ બિન અદહમ رحمۃ اللہ علیہ એ પૂછયું, હે શફીક઼ ! તમે આ ઉચ્ચ હોદ્દો કેવી રીતે

મેળવ્યો ? જનાબ શફીક઼ બલ્ખીએ જવાબ આપ્યો કે એક વખત હું એક મેદાનથી પસાર થયો ત્યાં મેં એક એવું પંખી પડેલું જોયું જેની બંને પાંખો કપાએલી હતી. મારા દિલમાં એવો ખયાલ અને વિચાર આવ્યો કે જોવું કે તેને કઈ રીતે રિઝ્ક઼ મળે છે. હું ત્યાં બેસી ગયો. થોડીવાર પછી એક પંખી આવ્યું તેની ચાંચમાં એક ટીડ હતું અને તેણે તે ખાવા પંખીના મોંમાં નાખી દીધું. મેં વિચાર્યું કે તે કાઈનાતનો પાલનહાર એક પંખીથી બીજા પંખીને રોજી પહોંચાડે છે તો મારી રોજી પણ દરેક હાલમાં પહોંચાડી શકે છે. જેથી મેં બધા કારોબાર છોડી દીધા અને અલ્લાહની ઈબાદતમાં લાગી ગયો. ઈબ્રાહીમ બિન અદહમ رحمۃ اللہ علیہએ કહ્યું, હે શફીક઼ ! તમે મજબૂર પંખી બનવું પસંદ કર્યું અને તંદુરસ્ત પંખી બનવું પસંદ ન કર્યું કે તમને બુલંદ મક઼ામ હાંસલ થતો ?! શું તમે આ ફર્માને નબવી નથી સાંભળ્યું કે ઉપરવાળો હાથ નીચેવાળા હાથથી અફઝલ અને બેહતર છે. મોમિન તો હમેશાં બુલંદ દરજ્જાનો ઈચ્છુક રહે છે ત્યાં સુધી કે તે નેક લોકોની સફમાં જગા મેળવી લે છે. હઝરત શફીક઼ બલ્ખી رحمۃ اللہ علیہએ આ સાંભળીને હઝરત ઈબ્રાહીમ બિન અદહમ رحمۃ اللہ علیہના હાથને ચૂમી લીધા અને કહ્યું, બેશક ! તમો મારા ઉસ્તાદ છો.

અહીં એક વાતની સ્પષ્ટતા કરું કે સામાન્ય લોકો અને ખાસ લોકો (અલ્લાહના વલીઓ)ના તવક્કુલમાં તફાવત છે. તસવ્વુફવાળા અને અવલિયા અલ્લાહનો તવક્કુલ અલ્લાહ પર અનહદ હોય છે, અને એટલા પ્રમાણમાં હોય છે કે તેઓ પોતાના અને ખુદાના દરમિયાન કોઈ ચીજને આડે નથી આવવા દેતા. અને આપણો તવક્કુલ અત્યારે એટલો મજબૂત નથી. જે લોકોનો તવક્કુલ અલ્લાહ પર મજબૂત હોય છે તો અલ્લાહ તેમની સારસંભાળ કરવા લાગે છે. આમ તો તવક્કુલનો રસ્તો જાહેરી રીતે જોતાં ખૂબ જ કઠણ છે, પણ અલ્લાહના જે

બંદાઓએ આ રસ્તો પકડયો, અલ્લાહ તઆલાએ તેમને દરેક નેઅમતોથી નવાઝયા.

બુઝુર્ગોનો ક઼ૌલ છે કે જ્યારે ઈન્સાન રિઝ્ક઼ની તલબ માટે સબબોનો સહારો લે તો સબબોની જગાએ તે ખાલિક઼ે કાઈનાતને પોતાનો નસબુલ ઐન બનાવે જે વાસ્તવમાં સૌના માટે રોજી પહોંચાડનાર છે. ભીખારી જે ભિક્ષાનો કટોરો લઈને ભીખ માગતો રહે છે તે કટોરાને નહીં બલ્કે હમેશાં દેવાવાળા દાનવીરની તરફ ધ્યાનને કેન્દ્રિત રાખે છે. તવક્કુલ એવું હોવું જોઈએ કે માણસ માધ્યમોથી મુખ ન ફેરવે, પણ રોજીને માધ્યમો પર જ આધારિત ન સમજે પરંતુ તેને મુસબ્બિબુલ અસ્બાબ (સબબો અને માધ્યમો ઉપસ્થિત કરનાર) તરફથી સમજે, કેમ કે આખી દુનિયાને રોજી આપનાર રઝ્ઝાક઼ મૌજૂદ છે.

**ખુદાકો ભૂલ ગએ લોગ ફિક્રે રોઝીમેં**
**ખયાલે રિઝ્ક઼ હૈ રઝ્ઝાક઼ કા ખયાલ નહીં**

## ★ દાણા દાણા પર નામ ★

હઝરત અબૂ દરદા رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે, "રિઝ્ક઼ બંદાને એ રીતે શોધે છે જેવી રીતે મૌત તેને શોધે છે."

અલ્લાહનું રિઝ્ક઼ કોઈ જગા સાથે ખાસ નથી બલ્કે અલ્લાહનું રિઝ્ક઼ દરેક જગાએ આમ છે, જે જ્યાં છે ત્યાં તેને પહોંચી જાય છે. અલ્લાહના જે બંદા એક જગાએથી બીજી જગાએ હિજરત કરીને જાય છે તો અલ્લાહ તેમના તવક્કુલના કારણે તેમને ત્યાં જ રોજી પહોંચાડવાના સબબો અને માધ્યમો પૈદા કરી દે છે.

હુઝૂરે પાક صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે જમીનનો કોઈ દાણો એવો નથી જેના પર અલ્લાહ તરફથી એવું ન લખ્યું હોય, "બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ

આ રિઝ્ક઼ ફલાણા બિન ફલાણાનું છે." મતલબ દરેક દાણા પર ખાનારનું નામ લખેલું હોય છે. પણ એનો એ મતલબ સમજવો જોઈએ કે બસ ! મોં ખોલી લાચારની જેમ બેસી રહીશું અને કહીશું અલ્લાહ રોજી આપનારો છે ! અત્યારે તે આકાશથી મારા મોંમાં નાખશે ! અથવા રિઝ્ક઼ અમને મૌતની જેમ શોધે છે તો હવે આપણે રોજીની તલાશ ન કરીએ. નહીં નહીં ! તવક્કુલ અને ભરોસાનો મતલબ એ છે કે કોશિશ કરો, મહેનત કરો, કામ કરો અને પછી તેના મહેનતાણા માટે ખુદા પર ભરોસો રાખો. તવક્કુલ એનું જ નામ છે કે દરેક કામ માટે અલ્લાહ પર ભરોસો કરવો જોઈએ. આના અનુસંધાને ખૂબ જ વાકિ઼આ તથા બનાવો ઈસ્લામી કિતાબોમાં ઉપસ્થિત છે જેને લંબાઈના કારણે અહીં લખવાથી લાચાર છું. બસ ! સમજનાર માટે આટલું પૂરતું છે.

**અંદાઝ મેરા ગરચે બહુત શોખ નહીં હૈ**
**શાયદ કે ઉતર જાએ તેરે દિલમેં મેરી બાત**


**બરકાતે ખ્વાજા (માસિક)ના ગ્રાહક બનો અને બનાવો**

**લવાજમ રૂા. ૧૫૦/-**
**મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧**

સુન્નીઓની રહનુમાઈ માટે દીવાદાંડી

# અંજુમને રઝાએ મુસ્તફા-દયાદરાને ભરપુર સહાય કરશો !

સુન્ની ભાઈઓ તથા બહેનોને નમ્ર વિનંતિ કે સુન્નીઓના અક઼ીદાની મજબૂતી તથા અમલોની સુધારણા માટે અતિ જરૂરી કિતાબો **ઈ.સ. ૧૯૮૬**થી પ્રસિદ્ધ કરતી આ સંસ્થાના મેમ્બર/ડોનર બનશો. **વરસભરમાં એકવાર ફક્ત રૂ. ૪૦૦ મેમ્બર ફી કે ડોનેશન રૂપે નોંધાવનારને વરસભર છપાતી કિતાબો (આજીવનના રૂ. : ૬૦૦૦) ઘર બેઠાં મળતી રહેશે.** પોતે તથા પોતાની ઔલાદ **અહલે સુન્નત પર, મસ્લકે આ'લા હઝરત** પર મજબૂતીથી જામી રહે એના માટે આજે જ આ સંસ્થાના મેમ્બર/ડોનર બની જાવ.

રમઝાન શરીફના મુબારક મહિનામાં આપની સખાવતના દરિયાને છલકાવી દેશો અને **વધુમાં વધુ મદદ આપની લિલ્લાહ, ઝકાત, સદક઼ા, ખયરાત, વ્યાઝની રકમો** વગેરેને આવી કિતાબો છપાવવાના કામમાં ઉત્તેજન માટે મોકલી આપશો જેનો બદલો રબ્બે કરીમ તેના હબીબે પાકના સદક઼ા ﷺમાં બંને જહાનમાં અતા કરશે.

**અંજુમને રઝાએ મુસ્તફા-દયાદરા,** C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ.: ભરૂચ, પિન. ૩૯૨૦૨૦
ફોન. : (૦૨૬૪૨) ૨૧૦૪૧૧, ૨૮૦૦૧૧, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧
Web. :www.barkatekhwaja.net

**બેંક એકાઉન્ટ નંબર :**
**BOB 34620100000107 શબ્બીર અલી ઈસ્માઈલ પટેલ**
**SBI 10328886242**

**આંગડિયા થકી મોકલનાર માટે**
અંજુમને રઝાએ મુસ્તફા-દયાદરા C/o. ઈન્ડિયન ઓપ્ટિક, હોટલ પ્રેસિડન્ટ નીચે, રેલ્વે સ્ટેશન સામે-ભરૂચ

*Design By. Sadiq Patel (Dayadara)*